

# આત્મધર્મ

[૪૭૫]


મે વર્ષ : ૩૯
૧૯૮૩ અંક :- ૧૧


"મુઝે યહ પવિત્ર તીર્થસ્થાનમેં આકર બડી પ્રસન્નતા હુઈ. આજ જૈસે હમ લોગ ભગવાન કુંદકુંદસ્વામીકા નામ મંગલરૂપમેં લેતે હૈં વૈસે ભવિષ્યકી પીઢી કે લોગ

(−૪ (−૪

## ધન્ય તે ગુરુકહાનને, પ્રત્યક્ષ સૂણતાં ૐકારનાદને

અહો ! ૐકારધ્વનિદાતાના દર્શનનો વિરહ દૂર કરવા, સર્વજ્ઞ વીતરાગદેવ શ્રી સીમંધરસ્વામીની જે ધર્મસભામાં શ્રી કુંદકુંદાચાર્યદેવ પધાર્યા હતા તે જ ધર્મસભામાં અત્યંત ભક્તિભાવે રાજકુમાર શ્રી ફતેહમંદ પણ તે જ ૐકારધ્વનિનું શ્રવણ કરી રહ્યા હતા. ભવિષ્યના ૐકારધ્વનિદાતા સૂર્યકીર્તિ તીર્થંકરનો જીવ પોતે હોવાનું ૐકારધ્વનિમાં સાંભળીને આપણા મહાન ભાગ્યોદયે જેઓ અત્રે પધાર્યા હતા તે શ્રી ગુરુકહાનને 'હું તીર્થંકર છું'— એવા અનેકવારના ભાસપૂર્વક અંતરમાં સ્વયં ઊઠતાં ૐનાદનો આશ્ચર્યયુક્ત ત્રણ ત્રણવાર અનુભવ થયો હતો.

સૌ પ્રથમ વિ. સં. ૧૯૭૭માં વાંકાનેરમાં પૂજ્ય ગુરુદેવશ્રીને અંતરમાં ૐનાદ ઊઠયો હતો. તે જ વર્ષે જન્મધામ ઉમરાળામાં ફરીથી તેઓશ્રીએ અંતરમાંથી ઊઠતાં આ ૐનાદને અનુભવ્યો હતો. ત્યાર બાદ સં. ૧૯૭૯ના વૈશાખ વદ ૮ના રોજ વીંછીયામાં સાડા બાર કરોડ વાજિંત્રોના નાદ સહિત ૐનાદને સ્પષ્ટરૂપે સાંભળ્યો હતો.

જગતના જીવોનું કલ્યાણ કરનારા ભાવિ ભગવાન શ્રી સૂર્યકીર્તિ તીર્થંકરનું દ્રવ્ય પોતે હોવાથી, તેમ જ સાક્ષાત્ સીમંધર પરમાત્માની ૐકારધ્વનિ વારંવાર સાંભળીને અત્રે પધાર્યા હોવાથી, સ્પષ્ટરૂપે અંતરમાં ઊઠતાં આ ૐનાદનું આશ્ચર્યકારી રહસ્ય, જ્યારે સ્વાનુભૂતિસંપન્ન પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને ૧૯૯૪ના ચૈત્ર વદ ૮ ના રોજ સોનગઢમાં જાતિસ્મરણજ્ઞાનની સાતિશય નિર્મળતા પ્રગટી, ત્યારે સમજાયું.

બધાં જ મોક્ષગામી જીવોને તીર્થંકરગોત્ર બંધાતું નથી, પરંતુ સ્વાનુભૂતિ રસઝરતી પ્રશમદશામાં 'જગતના જીવોનું કલ્યાણ થાઓ'— એવી મહાન કરુણાના પ્રશસ્ત ભાવમાં કોઈ કોઈ જીવને જ તીર્થંકર નામકર્મનો બંધ પડે છે. એવા ભવિષ્યમાં થનારાં સૂર્યકીર્તિ તીર્થંકરનું દ્રવ્ય પૂજ્ય ગુરુદેવશ્રી હતા અને આપણા મહાન ભાગ્યોદયે એ ભાવિ તીર્થંકરના શ્રીમુખેથી ૐકારધ્વનિના રહસ્યભૂત શુદ્ધાત્માનુભૂતિનો માર્ગ આપણને મળ્યો છે. આ દુષમ પંચમકાળમાં પણ જેઓની અધ્યાત્મ-અમૃતવાણીએ આપણા માટે તીર્થંકરની ૐકારધ્વનિનું કામ કર્યું છે એવા કલ્યાણસાગર પૂજ્ય ગુરુદેવશ્રીની આ કલ્યાણકારી ૯૪ મી જન્મજયંતીના મંગલ પ્રસંગે, સૂર્યકીર્તિ તીર્થંકરની ૐકારધ્વનિનું શ્રવણ કરતાં કરતાં શિવપદને પામીએ એવી ભાવનાપૂર્વક કોટી કોટી વંદન. * * *

કહાન સંવત ૩
વર્ષ ૩૯
અંક ૧૧
[ ૪૭૫ ]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર સંવત ૨૫૦૯
A.D. 1983
MAY


### ૯૪ મી જન્મજયંતીના પુનિત પ્રસંગે

# અસીમ ઉપકારી ધર્મપિતા પૂજ્ય ગુરુદેવને....

સન્માર્ગદર્શી બોધિદાતા કૃપા અતિ વરસાવતાં,
આશ્રય અને કરુણા થકી અમ રંકને ઉદ્ધારતાં,
સમ્યગ્જ્ઞાની શાંતમૂર્તિ દિવ્ય ગુણે દીપતાં,
ગુરુરાજજી તુમ ચરણમાં ભક્તિભાવથી હો વંદના....

હે અનંત અનંત ઉપકારી કરુણાસાગર કૃપાળુ ગુરુદેવ! સર્વજ્ઞદેવે જેને જગતનો સર્વોત્તમ પદાર્થ કહ્યો છે એવો આત્મા અમને બતાવીને, અમ પામર પ્રાણીને પ્રભુપણે ઓળખાવીને આપે અમારા ઉપર જે અસીમ ઉપકાર કર્યો છે તેનું વર્ણન થઈ શકવું અશક્ય છે. હે ગુરુદેવ! ભવના અભાવસ્વરૂપ નિજાત્મતત્ત્વનું ભાન કરાવનારા અમ ધર્મપિતાની—આપશ્રીની આ ૯૪ મી જન્મજયંતી પ્રસંગે 'કઈ વિધ પૂજું, કઈ વિધ વંદું'—એમ અનેક વિધ ઊર્મિઓ હૃદયમાં ઉલ્લસી રહી છે.

હે પ્રભો! ૪૬-૪૬ વર્ષો સુધી આપના કરુણાસાગર હૃદયમાંથી વહેલાં અધ્યાત્મ-અમૃત ઝરણાંની અમારા હૃદયમાં જે જમાવટ થઈ છે, જે સીંચન થયું છે, તેના સ્મરણ-ચિંતન-મનન વડે તેમ જ પ્રવચન-સાહિત્ય અને ટેઈપ-પ્રવચનરૂપી ભાજનમાં ભરેલાં આપના વચનામૃતો વડે અમારી અંતર સાધના શીઘ્રતાથી પ્રબળતાને પામો એમ આજના આ પુનિત-અવસરે આપના આશીષ માગીએ છીએ.

'તારા આત્મામાં ને પરમાત્મામાં તું ભેદ ન દેખ; અમે તને પ્રભુપણે જ દેખીયે છીએ માટે તું પણ તને પ્રભુપણે જ દેખ; તું પરમાત્મા છો એમ પ્રથમ નક્કી કર; અમે તને કોલકરાર કરીને કહીએ છીએ કે તું પરમાત્મા થવાને લાયક જ છો માટે નિઃસંદેહ થા, નિઃશંક થા....' ઇત્યાદિ પ્રકારે પરિપૂર્ણતાના લક્ષે પ્રભુતાના પંથે પ્રયાણ કરવા પ્રબળ પ્રેરણા આપનારા, લાખો મુમુક્ષુઓના તારણહારા, હે કરુણાસાગર પૂજ્ય ગુરુદેવ! આજે આપની આ કલ્યાણકારિણી ૯૪ મી જન્મજયંતી અત્યંત ભક્તિ-ભાવે, અત્યંત હર્ષોલ્લાસથી ઉજવવા છતાં, 'કઈ વિધ પૂજું, કઈ વિધ વંદું' ની અમારી ભાવના સાકાર નહીં થઈ શકવાથી, ભવિષ્યમાં આપ જ્યારે ધાતુકીખંડના વિદેહક્ષેત્રમાં સૂર્યકીર્તિ તીર્થંકરપણે ચરમ શરીર ધારણ કરશો ત્યારે આપનો આ મુમુક્ષુ સમુદાય ઇન્દ્રો, દેવો, ચરમ શરીરી રાજા-મહારાજા આદિ ભક્તોના રૂપમાં આપનો જન્મકલ્યાણક મહોત્સવ અપૂર્વ ભક્તિભાવે ઉજવશે તે ભવિષ્યના પ્રસંગને વર્તમાનરૂપ સ્મરણમાં લઈને આપનો જન્મજયંતી મહોત્સવ ઉજવ્યાનો રોમાંચ અનુભવી રહ્યા છીએ.

જેના જન્મક્ષણે જીવો જગતના શાતાસુખ ભોગવે,
ઇન્દ્રો એ સૂર્યકીર્તિના જનમને આનંદથી ઉજવે.

અહો! જગતવંદ્ય સૂર્યકીર્તિ તીર્થંકર પ્રભુ! અમારા મહાન પુણ્યોદયે અમારા ભવનો અભાવ કરવા આજે આપનો આ મહા આનંદદાયી જન્મ થતાં નરકના નારકીઓને પણ આ સમયે શાતા ઊપજી, તો અમારા આનંદ-અનુભવની તો શું વાત કરીએ! પ્રભુ અત્યારે આપનો જન્મ થતાં સારાયે સ્વર્ગલોકમાં આનંદદાયક ખળભળાટ મચી ગયો છે. કલ્પવાસી દેવોના ભવનમાં ઘંટનાદ, જ્યોતિષી દેવોના ભવનમાં સિંહનાદ, વ્યંતરદેવોના ભવનમાં ભેરી અને ભવનવાસી દેવોના ભવનમાં શંખનાદ, વિના વગાડયે સ્વયં વાગવા લાગતાં વાજિંત્રોનો સુમધુર નાદ સાંભળી દેવોએ જાણ્યું કે અહો! ત્રણલોકના નાથ ભગવાન સૂર્યકીર્તિ બાળ તીર્થંકરનો જન્મ થયો છે. સ્વર્ગના સ્વામી ઇન્દ્રે સિંહાસન પરથી ઊઠીને સાત ડગલા ચાલીને ભાવ-નમસ્કાર કરીને ભૂત-વર્તમાનના આત્મોદ્ધારક સૂર્યકીર્તિ તીર્થંકરનો જન્મકલ્યાણક મહોત્સવ ઉજવવા સમસ્ત દેવગણને તૈયાર કરવા કુબેરને આજ્ઞા કરી. ઈન્દ્રની આજ્ઞા પામીને કુબેરે તૈયાર કરેલી હાથી, ઘોડા, બળદ, રથ, ગંધર્વ, નૃત્ય કારિણી, અને પાયદળ—એમ સાત પ્રકારની મહાન સેનાને લઈને આશ્ચર્યકારી ઐરાવત હાથી ઉપર ઇન્દ્રાણી સહિત આરૂઢ થઈને સૂર્યકીર્તિ બાળતીર્થંકરના જન્મધામ ભણી ઇન્દ્રે પ્રસ્થાન કર્યું.

દેવોને પણ આશ્ચર્યકારી ૨૫ હજાર યોજન ઊંચો આ ઐરાવત હાથી જમ્બૂદ્વીપ જેવડો એક લાખ યોજનનો છે. તેને બત્રીસ મુખ છે, એક એક મુખને આઠ-આઠ દાંત, પ્રત્યેક દાંત ઉપર એક-એક સરોવર, પ્રત્યેક સરોવરમાં એક કમળની વેલ, એક કમળની વેલમાં બત્રીસ-બત્રીસ કમળ, એક-એક કમળને બત્રીસ-બત્રીસ કમળપત્ર, દરેક કમળપત્ર ઉપર બત્રીસ-બત્રીસ દેવાંગનાઓ—એ રીતે એકી સાથે ત્યાંસી લાખ અઠયાસી હજાર છસો ને આઠ દેવાંગનાઓ આ ઐરાવત હાથીના મુખ ઉપર નૃત્ય કરી રહી છે. ઇન્દ્રની સાથે પોતાના વૈભવરૂપ સામાનિક, ત્રાયસ્ત્રિશત્, પારિષદ, આત્મરક્ષક અને લોકપાલ ઇત્યાદિ દસ જાતિના દેવો ઇન્દ્રને ચારે તરફ ઘેરીને પોતપોતાના વિમાનોમાં અને પૃથક્ પૃથક્ વાહનો ઉપર ચઢીને આકાશમાં ચારે તરફ ફેલાઈને ઇન્દ્રની સાથે જઈ રહ્યા છે. જગતવંદ્ય સૂર્યકીર્તિ બાળતીર્થંકરના જન્મોત્સવનો આનંદ હૃદયમાં ન સમાતાં કેટલાક દેવો જયજયકાર શબ્દોથી આકાશ ગૂંજવી રહ્યા છે, કેટલાક દેવો નૃત્યગાન કરી રહ્યા છે, કેટલાક દેવો આનંદકારી ચેષ્ટાઓ વડે ઉછળી રહ્યા છે. એ રીતે અસંખ્ય દેવોની મહાસેના સહિત જન્મકલ્યાણક મહોત્સવ ઉજવવા ઇન્દ્ર ધાતુકી ખંડના વિદેહના જન્મધામની નજીક આવી પહોંચે છે. ઐરાવત હાથીને આકાશમાં રાખીને સૌ નીચે આવતાં અત્યંત આનંદવિભોર બનેલા ઇન્દ્રો અને પ્રમુખ દેવોથી પિતાનું આંગણું ભરાઈ ગયું છે. ઇન્દ્રની આજ્ઞા પામીને અપૂર્વ ઉલ્લાસ પૂર્વક ઇન્દ્રાણી પ્રસુતિગૃહમાં જઈને સૂર્યકીર્તિ બાળતીર્થંકર સહિત જિનમાતાને બહુ જ આદરભાવથી દેખીને, અનેકવાર પ્રદક્ષિણા કરીને જગતગુરુ બાળતીર્થંકર પ્રભુને નમસ્કાર કરે છે અને માતાની સ્તુતિ કરતા કહી રહી છે કે હે માતા! તું ત્રણલોકની કલ્યાણકારિણી માતા છો, તું જ મંગલકારી છો, તું જ પુણ્યવતી છો—ઇત્યાદિ અનેક પ્રકારે જિન-માતાની સ્તુતિ કરીને, જિનમાતાને માયામયી નિદ્રાયુક્ત કરીને, માતા પાસે માયામયી બાળકને રાખીને, શરીરમાંથી નીકળતા તેજ વડે લોકને વ્યાપ્ત કરનાર ચૂડામણિરત્ન સમાન, જગતપૂજ્ય સૂર્યકીર્તિ બાળતીર્થંકરને બન્ને હાથો વડે લેતાં ઇન્દ્રાણી પરમ આનંદને અનુભવી રહી છે. મહાપુણ્યશાળી બાળતીર્થંકરને પોતાના હાથમાં દેખીને ઇન્દ્રાણીને એમ લાગી રહ્યું છે કે મેં ત્રણ લોકના ઐશ્વર્યને મારે આધીન કર્યું છે. તે વિચારી રહી છે કે અહો! આ બાળતીર્થંકર સૂર્યકીર્તિ પ્રભુની પવિત્રતા ને પુણ્યની શી વાત!! આ બાળતીર્થંકર પ્રભુના સાક્ષાત્ દર્શનનો મેં ઇન્દ્ર કરતાં વહેલો—પહેલો લાભ લીધો હોવાથી હું ઇન્દ્રની પહેલાં મોક્ષપદને પામીશ (ઇન્દ્રાણીનું આયુષ્ય ઇન્દ્ર કરતાં ઘણું અલ્પ હોય છે).

એ રીતે ઉમંગથી પ્રસુતિગૃહમાંથી બહાર આવી રહેલી ઇન્દ્રાણીના હાથમાંથી પ્રભુને પોતાના હાથમાં લેતાં અત્યંત હર્ષથી હજાર નેત્રો વડે ભગવાનનું દેદીપ્યમાન મનોહારી રૂપ આશ્ચર્યથી નીરખતાં નીરખતાં ઇન્દ્ર સ્તુતિ કરી રહ્યા છે કે હે દેવ!

આપ ત્રણ લોકની જ્યોતિ છો, હે દેવ! આપ ત્રણલોકના વિધાતા છો, હે દેવ! આપ ગુરુઓના પણ ગુરુ છો, હે નાથ! આપ અમારા પૂર્વભવના ધર્મપિતા સદ્‌ગુરુદેવ છો એથી આપને ભક્તિભાવે નમસ્કાર હો. આપનો જય હો, આપ સદા વૃદ્ધિગત હો— ઇત્યાદિ પ્રકારે ઇન્દ્ર તથા દેવો બાળપ્રભુની સ્તુતિ કરે છે.

ઐરાવત હાથી ઉપર સૌધર્મ ઇન્દ્રની ગોદમાં બિરાજમાન બાળપ્રભુને ઈશાન ઇન્દ્ર છત્ર રાખીને ઊભા છે તથા સનતકુમાર અને માહેન્દ્ર સ્વર્ગના ઈન્દ્રો ચામર ઢાળી રહ્યા છે. એ રીતે ભક્તિ પૂર્વક બાળપ્રભુને અભિષેક માટે સુમેરૂ પર્વત ઉપર લઈ જવાની અદ્‌ભુત વિભૂતિ દેખીને કેટલાય મિથ્યાદષ્ટિ દેવો પણ જૈનધર્મમાં શ્રદ્ધાવંત થવા લાગ્યા.

એ રીતે ભક્તિગાન પૂર્વક અત્યંત ઉલ્લાસથી સૂર્યકીર્તિ બાળતીર્થંકરને લઈને સુમેરૂ ઉપર પહોંચીને ઇન્દ્ર સુમેરૂની પ્રદક્ષિણા દેવા લાગ્યા. જેના ઉપર આ બાળપ્રભુને જન્માભિષેક કરવાનો છે તે આ સ્ફટિકમણિમયી પાંડુકશિલા એક સો યોજન લાંબી છે, પચાસ યોજન પહોળી છે અને આઠ યોજન ઊંચી છે. અર્ધ ચંદ્રમાના આકારવાળી આ પાંડુકશિલાએ અનંતવાર બાળતીર્થંકરને ધારણ કરેલાં હોવાથી મહા પવિત્ર અને અત્યંત રમણીય છે. એવી આ પાંડુકશિલા ઉપરના બહુમૂલ્ય ને શ્રેષ્ઠ સિંહાસનમાં પૂર્વ દિશા તરફ મુખ રાખીને બાળપ્રભુને બિરાજમાન કરીને પોતાના નિશ્ચિત આસનો ઉપર ઊભા રહીને બન્ને ઇન્દ્રો પ્રભુનો અભિષેક કરતા પહેલાં પવિત્ર અર્ઘ ચઢાવવા લાગ્યા.

સૂર્યકીર્તિ બાળતીર્થંકરનો જન્માભિષેક કરવા થનગની રહેલા અસંખ્યાત દેવો ક્ષીરસમુદ્રથી સુમેરૂ સુધી હારબદ્ધ ગોઠવાઈને, આઠ યોજન ઊંડા, મુખ ઉપર એક યોજન પહોળા ને પેટાળમાં ચાર યોજન પહોળા એવા રત્નજડિત સુવર્ણમયી ૧૦૦૮ કળશો ક્ષીરસમુદ્રના સ્વચ્છ જળથી ભરીને હાથોહાથ દેવા લાગ્યા. વિક્રિયા દ્વારા હજાર હાથ બનાવીને જય જયકારની ઘોષણા પૂર્વક ઇન્દ્રે પહેલી જળધારા પ્રભુ ઉપર છોડતાં અસંખ્યાત દેવોના આનંદોચ્ચારથી, જયજયકારના ઉચ્ચારણોથી અને દેવીઓના મંગલ ગીતોથી આકાશ ગૂંજી રહ્યું છે.

એ રીતે ૧૦૦૮ કળશો વડે ભગવાનનો જન્માભિષેક કરતાં સમસ્ત દેવો આનંદથી નાચી ઊઠયા. ઘડીક પહેલાં જ જન્મેલા ને પદ્માસનપણે સુમેરૂ ઉપર બિરાજી રહેલા સૂર્યકીર્તિ બાળકે સાતિશય માહાત્મ્ય વડે જરા પણ આશ્ચર્ય પામ્યા વિના પ્રશમભાવે ગંગાસિંધુ આદિ નદીઓ એકીસાથે પડતી હોય એવી મહાન જળધારા મસ્તક ઉપર ઝીલી. જે પ્રસંગનું અદ્‌ભુત દૃશ્ય દેખીને ઇન્દ્રો ને દેવો પણ આશ્ચર્ય ચકિત થઈ ગયા એવા પ્રસંગ વખતે તુરતના જન્મેલા બાળસૂર્યકીર્તિ પ્રશમભાવે સુમેરૂ સમાન નિશ્ચયપણે બિરાજી રહ્યા! અહો! ધન્ય છે આ બાળપ્રભુને! ને ધન્ય છે આવા જગતવંદ્ય બાળ-પ્રભુના જનક-જનેતાને!

જે મોટા મુનિઓને માન્ય છે, જે જગતને પવિત્ર કરનારી છે, જે સુરગંગા સમાન પવિત્ર છે એવી જન્માભિષેકની જળધારા અમારા બધાની આત્મરક્ષા કરો. જે સૂર્યકીર્તિ બાળતીર્થંકરના પવિત્ર શરીરને સ્પર્શીને પવિત્ર બની છે તે જળધારા અમારા મનને પવિત્ર કરો. ઇત્યાદિ પ્રકારે અત્યંત આનંદોલ્લાસ પૂર્વક સૂર્યકીર્તિ બાળકનો જન્માભિષેક કરીને જગતની શાંતિ અર્થે ઇન્દ્ર મોટેથી શાંતિપાઠ-મંત્ર બોલવા લાગ્યા અને સર્વે દેવોએ પવિત્ર ગંધોદક પોતાના મસ્તક ઉપર ચઢાવીને બાકીનું ગંધોદક સ્વર્ગમાં લઈ જવા માટે રાખ્યું.

અહો સૂર્યકીર્તિ પ્રભુ! આપના આ જન્માભિષેકની મહિમાનું શું કહેવું! સુમેરૂ પર્વત સ્નાન માટેનું આસન હોય, ક્ષીરસાગર સ્નાન માટેનું જળપાત્ર હોય, દેવીઓ નૃત્યકારિણી હોય, દેવો દાસાનુદાસ હોય, પવનકુમાર દેવતા સુગંધિત મંદ મંદ પવન લહેરાવતા હોય, મેઘકુમાર દેવતા સુગંધિત જળથી અમીછાંટણા કરતા હોય અને ઇન્દ્ર સ્વયં હજાર હાથ વડે આપનો જન્માભિષેક કરતા હોય અને એ સમયે માત્ર થોડા જ વખત પહેલાં જન્મેલા આપ બાળપ્રભુ પ્રશમભાવે સુમેરૂ સમાન નિશ્ચલપણે બિરાજમાન હો—એવા આ જન્માભિષેક સમયના અમારા હર્ષને કઈ વિધિએ વ્યક્ત કરીએ?

જેમના જન્માભિષેકની જળધારાના ઉછળતા પ્રવાહથી સૂર્યે તે સમય પૂરતી ઉષ્ણતા ત્યજી દીધી, ચંદ્રમા દ્વિગુણો શીતળતાને પામ્યો ને તારાઓ જેમાં તરવા લાગ્યા એવા સૂર્યકીર્તિ બાળપ્રભુના જન્માભિષેકનો જળપ્રવાહ અમ સૌ ભક્તોની રક્ષા કરો. જેમના જન્માભિષેકની જળધારાનો પ્રવાહ દેખીને સ્વયં ઇન્દ્ર આશ્ચર્યચકિત થયા, દેવ-દેવીઓ અત્યંત આશ્ચર્યને પામ્યા તથા વિદ્યાધરો આ શું છે?–એમ આશ્ચર્યભાવે જોઈ રહ્યા છે એવો આ કલ્યાણકારી જન્માભિષેક મહોત્સવ જે પવિત્ર આત્માનો ઉજવી રહ્યા છીએ તે પવિત્ર આત્મા સૂર્યકીર્તિ બાળતીર્થંકર જગતને પવિત્ર કરો.

એ રીતે કલ્યાણવર્ષિણી જન્માભિષેકવિધિ પૂરી થતાં ઇન્દ્રાણી અત્યંત આનંદપૂર્વક જગતઉદ્ધારક નવજાત શિશુને આભૂષણ-શ્રૃંગાર વિધિ કરવા લાગી. નિર્મળ કોમળ વસ્ત્ર વડે બાળપ્રભુના શરીર ઉપરના જળબિંદુને લૂંછવા લાગી. પ્રભુના અત્યંત દેદીપ્યમાન તેજયુક્ત નેત્રો દેખીને નેત્રમાં જળબિંદુઓના આભાસથી વારંવાર નેત્રો લૂંછવા લાગી. ત્યારબાદ શરીર ઉપર સુગંધિત દ્રવ્યોનું વિલેપન કરીને ત્રણલોકના તિલક પ્રભુ સૂર્યકીર્તિના લલાટમાં અત્યંત આદરભાવથી ઇન્દ્રાણી તિલક કરવા લાગી. જગતચૂડામણિ પ્રભુના મસ્તક ઉપર ચૂડામણિરત્ન પહેરાવવા લાગી. ભક્તિથી અંજન-સંસ્કાર કરવા લાગી. વિંધ્યા વિના સ્વયં છીદ્રયુક્ત કાનમાં કુંડલ પહેરાવતાં જાણે કે સ્વયં સૂર્યની દીપ્તિ ને ચંદ્રમાની કાંતિ સૂર્યકીર્તિ બાળકની મુખમુદ્રા જોવા આવ્યા હોય! ઇત્યાદિ અનેક પ્રકારે ઇન્દ્રાણીએ જગત્-આભુષણ બાળપ્રભુને આભૂષણો પહેરાવીને પ્રભુને ઇન્દ્રની ગોદમાં

બિરાજમાન કર્યા. હે સૂર્યકીર્તિ પ્રભુ! અત્યારનું આપનું મહાન દેદીપ્યમાન રૂપ નીરખતાં સ્વયં ઇન્દ્રને પણ તૃપ્તિ ન થતાં હજાર નેત્રો કરીને આપની પ્રશમરસઝરતી સુખમુદ્રા યુક્ત રૂપને નીરખી રહ્યા છે.

તીર્થંકર પદવીના ધારક પ્રભુનો આવો જ કોઈ અદ્ભુત પ્રભાવ હોવાથી ઇન્દ્ર અને દેવો સૂર્યકીર્તિ બાળતીર્થંકરના અનેક ગુણોનું સ્મરણ કરીને સ્તુતિ કરવા લાગ્યા. એ રીતે અસંખ્યાત દેવોની સાથે બાળતીર્થંકરને ગોદમાં બિરાજમાન કરીને ભક્તિ-ગાન-નાચ પૂર્વક ઉત્સવ કરતાં કરતાં પિતાના ઘરે આવીને, દેવોએ રચેલા અનુપમ શ્રીગૃહના આંગણામાં બાળકરૂપધારી સૂર્યકીર્તિ પ્રભુને સિંહાસન ઉપર બિરાજમાન કરતાં પ્રિયદર્શન પ્રભુના દર્શનથી પિતાજી અત્યંત હર્ષથી ઉલ્લસિત થયા તથા માયામયી નિદ્રા દૂર થતાં સૂર્યકીર્તિ બાળકના માતાજી તો બાળકને દેખતાં જ હર્ષ વિભોર બની ગયા.

મહામૂલ્ય આભૂષણો આદિથી જગત્ પૂજ્ય માતા–પિતાની પૂજા કરીને ઇન્દ્ર સ્તુતિ કરવા લાગ્યા કે હે તાત! આપનું આ ઘર અમારા માટે જિનાલય સમાન છે. આપ જગત્પિતાના પણ માતા–પિતા હોવાથી અમારા માટે સદા પૂજ્ય છો. 'માતા જતન કરીને રાખજો, તવ સુત અમ જીવન–આધાર રે'....ઇત્યાદિ પ્રકારે સ્તુતિ કરીને માતા–પિતાને બાળપ્રભુ સોંપે છે.

ત્યારબાદ ઇન્દ્રે આનંદકારી જન્માભિષેકનું વર્ણન માતા–પિતા સમક્ષ કરતાં માતા–પિતાના હર્ષ અને આશ્ચર્ય ચરમ સીમાએ પહોંચ્યા, અને ફરીથી અનેક પ્રકારે જન્મોત્સવ ઉજવવા લાગ્યા. સૂર્યકીર્તિ બાળ તીર્થંકરના પૂર્વભવના મુમુક્ષુ સમુદાયના ભક્તોનો અર્થાત્ પોતાના તે ભવના અનેક સાધર્મીબંધુઓનો ને નગરવાસીઓનો આનંદ જોઈને ઇન્દ્રને આનંદ નામનું નાટક કરવાનું મન થઈ આવ્યું.

ઇન્દ્ર દ્વારા થઈ રહેલું આ નાટક મહાપુરુષોનાં મનનું હરણ કરનારું છે. ત્રણ લોકમાં ફેલાએલા કુળાચલોયુક્ત પૃથ્વી જ જે નાટકની રંગભૂમિ છે, ઇન્દ્ર પોતે જ પ્રધાન નાટ્યકાર–નટ છે, જગત્ચૂડામણિ સૂર્યકીર્તિના માતા–પિતા જે નાટકના અતિથિ વિશેષ છે, સૂર્યકીર્તિ તીર્થંકરના સમવસરણની સભામાં બેસવાની યોગ્યતા ધરાવનારા જે નાટકના પ્રેક્ષકો છે અને જે નાટકના આરાધ્યદેવ સૂર્યકીર્તિ બાળતીર્થંકરની સ્વયં જ્યાં ઉપસ્થિતિ છે એવા આ આનંદ નાટકની શરૂઆત કરતાં ઇન્દ્ર પ્રથમ ગર્ભાવતાર સંબંધી સાતિશયતા પ્રદર્શિત કરવા લાગ્યા.

જેના જીવનકાળ દરમિયાન અનેક તીર્થંકરોના પંચ કલ્યાણકો ઉજવવાનું જેને મહા સૌભાગ્ય પ્રાપ્ત થયું છે એવા ઇન્દ્રે સ્વર્ગમાં અહમિન્દ્રપણે બિરાજમાન સૂર્યકીર્તિ તીર્થંકરના જીવનું–પૂર્વના પોતાના અનંત ઉપકારી કૃપાળુ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં જીવનું છ માસનું આયુષ્ય બાકી હોવાનું અવધિજ્ઞાનથી જાણીને કુબેરને આજ્ઞા કરી કે સૂર્ય કીર્તિ તીર્થંકરના જન્મધામને–સારીયે નગરીને અત્યંત શોભાયમાન કરો અને રત્નોની વૃષ્ટિ

કરો અને દેવીઓને માતાની સેવા માટે મોકલો. છ-માસ બાદ જે ગર્ભમાં કહાનગુરુનો જીવ-અહમિન્દ્રનો જીવ અવતરવાનો છે એ ગર્ભમાં દેવીઓ એક સુંદર કમલની રચના કરે છે અને તેના ઉપર અત્યંત સુંદર સિંહાસનની રચના કરે છે. છ માસ માતાની સેવા ભક્તિમાં વ્યતીત થઈ જતાં અહમિન્દ્રનો જીવ સ્વર્ગથી ચ્યવીને, માતાના ગર્ભમાં કમલ ઉપરના સિંહાસન ઉપર અવતરીને, પદ્માસનપણે વિકાસ પામીને, માતાના શરીરને સ્પર્શ્યા વિના જ બાળતીર્થંકર જન્મ લે છે. ઇત્યાદિ આશ્ચર્યકારી સાતિશયયુક્ત પ્રસંગોનું ઇન્દ્ર દ્વારા થતું નાટક દેખી સૌ મંત્રમુગ્ધ બની ગયા છે.

જે આનંદ નાટક દેખીને દેવો તો આશ્ચર્યચકિત થાય છે જ પણ સ્વયં ઇન્દ્ર પણ સાનંદ આશ્ચર્ય અનુભવી રહ્યા છે છતાં આહાહા! આ આનંદ નાટક વખતે બિરાજમાન, ગણતરીના કલાકો પહેલાં જ જન્મેલા, ત્રણ જ્ઞાનધારી આ સૂર્યકીર્તિ બાળકના ગંભીર હાવભાવ તો જુઓ! આ પ્રશમમૂર્તિ નાનકડા બાળપ્રભુની પ્રશાંતભાવ ઝરતી મુખમુદ્રાની અગાધ ગંભીરતા દેખતા દેખતા ઇન્દ્રને પોતાના પૂર્વભવના અસીમ ઉપકારી કરુણા સાગર પૂજ્ય ગુરુદેવનું સ્મરણ થઈ આવતાં ભગવાન સમક્ષ ભગવાનના પૂર્વભવોના પ્રસંગો આલેખતું નાટક ઇન્દ્રે શરૂ કર્યું.

ભગવાનના કેટલાક ભવોના આનંદદાયક પ્રસંગોને ઇન્દ્રે પોતાની દૈવી શક્તિ વડે વર્તમાનરૂપે ભજવીને પછી પૂર્વના આઠમા ભવના દિવ્ય પુરુષના સૌને દર્શન કરાવીને તેમની દિવ્યતા પ્રસિદ્ધ કરતા કેટલાક પ્રસંગો સાક્ષાત્કાર કર્યા. તે પછીના-પૂર્વના સાતમા ભવના અજબ શક્તિશાળી રાજાનું રૂપ કરીને તે રાજવીના સામર્થ્યભર્યા કેટલાક પ્રસંગો રજૂ કર્યા. તે પછીના-પૂર્વના છઠ્ઠા ભવના ઋદ્ધિધારી સમર્થ દેવનું રૂપ બનાવીને શાશ્વત જિનાલયોના જિનબિંબોની પૂજા-ભક્તિની લીનતા આદિના ભક્તિભાવ ભર્યા પ્રસંગોને વર્તમાનરૂપ દર્શાવ્યા.

તે પછીના-પૂર્વના પાંચમા ભવમાં મહા વિદેહક્ષેત્રમાં ફતેહમંદકુમાર ભગવાન શ્રી સીમંધર સ્વામીના સમવસરણમાં દિવ્યધ્વનિ સાંભળી રહ્યા છે, ભાવલિંગી સંતો જ્યાં જ્યાં વિચરતા હોય ત્યાં ત્યાં તેમના દાસાનુદાસત્વભાવે તેઓશ્રી પાસે ધર્મ શ્રવણ કરી રહ્યા છે, તથા ભરતક્ષેત્રમાં કુંદકુંદસ્વામીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનનો જબ્બર પ્રચાર ને પ્રભાવના પોતે કરશે એમ દિવ્યધ્વનિમાં સાંભળીને, ભરતના આ સમર્થ આચાર્ય શ્રી કુંદકુંદસ્વામી આ ધર્મસભામાં બિરાજી રહ્યાનું જાણીને, અત્યંત આદરભાવે ભગવત્ શ્રી કુંદકુંદસ્વામીનો સત્ સમાગમ કરી રહ્યા છે—ઇત્યાદિ રાજકુમારના અનેક આનંદદાયક પ્રસંગો ભજવતાં ઉપસ્થિત મહાનુભાવો અત્યંત પ્રમોદ પામે છે.

તે પછીના-પૂર્વના ચોથા ભવમાં ભારતભરમાં અત્યંત પ્રસિદ્ધ યુગસૃષ્ટા યુગપુરુષ સોનગઢના સંત પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજી સ્વામીના ભવને પ્રત્યક્ષરૂપે રજૂ

કરતાં ઇન્દ્ર પોતે જ અત્યંત આનંદવિભોર બની ગયા છે. અસીમ ઉપકારી ગુરુ કહાનનો અનંત ઉપકાર પામવાની પાત્રતાપૂર્વક પોતે તે ભવમાં સાથે હોઈને ભગવાનના તે ભવના સેંકડો વિશેષ પ્રસંગો ઇન્દ્ર રજૂ કરી રહ્યા છે કે પૂર્વભવમાં સાક્ષાત્ સીમંધર સ્વામીનો ૐકાર નાદ સાંભળ્યો હોવાથી તથા ભવિષ્યમાં પોતાને ૐકાર ધ્વનિ છૂટવાનો હોવાથી વર્તમાનમાં અવારનવાર એકાંતમાં સાડા બાર કરોડ વાજિંત્રોના ધ્વનિ સહિત પોતાના અંતરમાંથી ઉઠતો ઓમકારનાદ સાંભળીને આશ્ચર્ય અનુભવી રહ્યા છે; ભગવાન શ્રી કુંદકુંદસ્વામી રચિત ગ્રંથાધિરાજ શ્રી સમયસાર શાસ્ત્રજી હાથમાં આવતાં પ્રાયઃલુપ્ત એવાં સ્વાનુભૂતિનો માર્ગ દેશભરમાં પ્રકાશિત કરી રહ્યા છે; જે સૌરાષ્ટ્રમાં દિગંબર ધર્મ નામશેષ હતો તે સૌરાષ્ટ્રમાં ગામોગામ દિગંબર જિનબિંબોના પંચકલ્યાણકો થઈ રહ્યા છે; યાત્રાધામોની મુમુક્ષુ સમુદાય સહિત યાત્રાઓ કરી રહ્યા છે તથા 'ભગવાન આત્મા તું! પરિપૂર્ણ પરમાત્મા છો એમ નક્કી કર,' એવી સિંહગર્જના સાંભળીને અનેક જીવો ભવિષ્યની ધર્મસભામાં દિવ્યધ્વનિના શ્રવણ વડે ઉગ્ર આરાધના કરવાની પાત્રતા પ્રગટ કરી રહ્યા છે; એ મહાન સંતની અસીમ કરુણાને પાત્ર ઇંદ્ર પોતે પણ બન્યા છે, તથા આ મહાન સંતના પરમ શિષ્ય, ભૂત-ભવિષ્યના સતસંગી સ્વાનુભૂતિવિભૂષિત ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સાતિશય જાતિસ્મરણથી ભવિષ્યના સૂર્યકીર્તિ તીર્થંકરનો આ જીવ હોવાનું જાણતાં સમસ્ત મુમુક્ષુ સમાજ પોતાને પરમ સૌભાગ્યશાળી માનીને ભવિષ્યના સૂર્યકીર્તિ બાળતીર્થંકરના જન્મકલ્યાણક મહોત્સવને વર્તમાનરૂપે ચિંતવીને સૌ ભક્તો ૯૪ મી જન્મજયંતી મહોત્સવ અત્યંત આનંદથી ઉજવી રહ્યા છે–ઇત્યાદિ સેંકડો વિશિષ્ટ પ્રસંગોને પ્રત્યક્ષ જોતાં કેટલાય દેવો અવધિજ્ઞાન મૂકીને પોતાની તે ભવમાં ઉપસ્થિતિ દેખીને, તેમ જ કોઈ જીવોને જાતિસ્મરણ થઈ આવતાં આ પ્રત્યક્ષ બિરાજમાન બાળતીર્થંકરે પોતાના ઉપર પૂર્વે કરેલાં અનંત ઉપકારનું સ્મરણ થઈ આવતાં અત્યંત આનંદથી બાળપ્રભુને વંદન કરી રહ્યા છે.

તે પછીના— પૂર્વના ત્રીજા ભવમાં સ્વર્ગથી આ બાળતીર્થંકરનો જીવ સાક્ષાત સીમંધર સ્વામીની ધર્મસભામાં જઈને ધર્મ શ્રવણ કરી રહ્યા છે, કૃત્રિમ-અકૃત્રિમ જિન-ચૈત્યાલયોના જિનબિંબોની પૂજા ભક્તિ કરી રહ્યા છે, દેવોની સભામાં તત્ત્વજ્ઞાનની ચર્ચાવાર્તામાં અને સ્વાનુભૂતિરસાસ્વાદમાં મગ્ન થઈને આનંદનું અમૃતપાન કરી રહ્યા છે તે પ્રસંગને ઇન્દ્ર ભજવવા લાગ્યા.

તે પછીના—પૂર્વના બીજા ભવમાં તીર્થંકરપિતાના પુત્ર તરીકે જન્મ ધારણ કરીને મુનિદીક્ષા અંગીકાર કરે છે, ભાવલિંગી સંત બનીને ઉગ્રપણે આત્મસાધના સાધીને અહમિન્દ્ર થાય છે અને ત્યાંનો કાળ ચર્ચા-વાર્તા અને સ્વાનુભૂતિની મસ્તિમાં પૂરો કરી રહ્યા છે—એ પ્રસંગોનો ઇન્દ્ર સૌને સાક્ષાત્કાર કરાવી રહ્યા છે.

એ રીતે અત્યંત આનંદથી અદ્‌ભુત આશ્ચર્યયુક્ત આનંદ નામના નાટકમાં ઇન્દ્ર દ્વારા ભજવાયેલાં સૂર્યકીર્તિના પૂર્વના ભવોના પ્રસંગો દેખીને સૌ આનંદ અનુભવી રહ્યા છે એવું આ નાટક પૂરું કરીને, પોતાના ભૂત.વર્તમાનના અનંત ઉપકારી સૂર્યકીર્તિ બાળતીર્થંકર સમક્ષ ઇન્દ્ર તાંડવ નૃત્ય શરૂ કરી રહ્યા છે. બાળપ્રભુની ભક્તિથી પ્રેરાઈને શરૂ કરેલા આ તાંડવ નૃત્યમાં પોતે વિક્રિયાથી હજાર હાથ બનાવીને હાથના ભાવોથી અનેક પ્રકારના નૃત્ય કરી રહ્યા છે. નૃત્ય સમયે તેના પગના તાલથી પૃથ્વી ચલાયમાન થઈ રહી છે, સમુદ્રમાં તરંગો ઉછળી રહ્યા છે, તેના મુગટના રત્નોના કિરણોથી જાણે આકાશમાં હજારો વીજળી ચમકી રહી છે, ઘડીકમાં એકદમ સ્થૂલ રૂપ કરી રહ્યા છે તો ઘડીકમાં એકદમ સૂક્ષ્મ, ઘડીકમાં એકદમ નીકટ તો ઘડીકમાં આકાશમાં—એમ વિક્રિયા વડે નૃત્ય કરી રહ્યા છે. તેના હજાર હાથ ઉપર અપ્સરાઓ અનેક પ્રકારના નૃત્ય-ગાન કરી રહી છે. કેટલીક દેવાંગનાઓ તેની હથેળીમાં નૃત્ય કરી રહી છે તો કેટલીક તેના આંગળીના ટેરવા ઉપર પોતાની નાભિ રાખીને અદ્‌ભૂત નૃત્ય બતાવી રહી છે. હજાર હાથ ઉપર ને આંગળીના ટેરવા ઉપર પોતાના જેવી જ ચેષ્ટા વડે નૃત્ય કરતી દેવાંગનાઓ સાથે ઇન્દ્ર પોતે પણ પોતાના હાથ ઉપર નૃત્ય કરી રહ્યા છે. ઇત્યાદિ અનેકવિધ વિક્રિયા દ્વારા દેવોને પણ આશ્ચર્ય ઉપજાવનારું ઇન્દ્રનું તાંડવ નૃત્ય દેખીને સૌ બાળતીર્થંકરની અદ્‌ભૂત મહિમાને ચિંતવતા થકા અત્યંત આનંદ પામી રહ્યા છે અને એ રીતે ઇન્દ્ર પોતાનું નૃત્ય પૂરું કરે છે.

અહો! આવા અદ્‌ભુત નૃત્ય સમયે આ નાનકડા સૂર્યકીર્તિ બાળતીર્થંકરની શાંત શાંત શાંત પ્રશમરસઝરતી મહા ગંભીર મુખમુદ્રા તો જુઓ! અહો પ્રભુ! મહા ઐશ્વર્યધારી ઇન્દ્ર પણ જેને નીરખતાં, જેના નૃત્ય-ગાન-ભક્તિ કરતાં તૃપ્ત થતા નથી એવા હે ત્રણ જ્ઞાનધારી બાળપ્રભુ! આજે આપનો જન્મકલ્યાણક મહોત્સવ ઉજવતાં અમારા હૃદયમાં ઊછળી રહેલાં ચરમ સીમા પ્રાપ્ત હર્ષોલ્લાસને અમે શી રીતે વ્યક્ત કરીએ?

જેમ જગતમાં પ્રકાશ કરનાર ને જગતનું કલ્યાણ કરનાર સૂર્ય છે ને તેની કીર્તિ-પ્રકાશ જગતભરમાં ફેલાયેલી છે તેમ હે પ્રભુ! આપના દર્શનમાત્રથી મહાન પાપી પણ પરમાત્મા બની જતો હોવાથી આપ જગતના જીવોનું કલ્યાણ કરનારા છો, મોટા મોટા ઋષિશ્વરોની આશંકાઓ આપના દર્શનમાત્રથી દૂર થતી હોવાથી આપ જગતમાં ધર્મના પ્રકાશક છો અને આપની કીર્તિ ત્રણ લોકમાં ફેલાયેલી છે, તેથી આપનું સૂર્યકીર્તિ નામ અત્યંત પ્રશંસનીય છે—એ રીતે વિનય-ભક્તિ પૂર્વક ઇન્દ્ર બાળપ્રભુનું નામ સૂર્યકીર્તિ રાખીને, બાળપ્રભુની વયના દેવકુમારોને પ્રભુની સેવામાં નિયુક્ત કરીને, સૌના પૂર્વના અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના અંતિમ જન્મના – સૂર્યકીર્તિ તીર્થંકરના

જન્મના જન્મકલ્યાણક મહોત્સવની ઊર્મિઓને હૃદયમાં સંઘરીને સૌ પોતપોતાને સ્થાને જવા પ્રસ્થાન કરે છે............

હે સ્વાનુભૂતિરસાસ્વાદી કરુણાસાગર પૂજ્ય ગુરુદેવ! આજે આ રીતે આપની ૯૪મી જન્મજયંતી મહોત્સવ ઉજવતાં અમે સૌ નિઃશંકપણે અનુભવીએ છીએ કે

તુજ આત્મજ્ઞાનનો રંગ, અમ આદર્શ બન્યો,
રહેશે શિવપદ તક તુજ સંગ, આપે હાથ ગ્રહ્યો.

—સંપાદક

## ખાસ વિચારવા જેવું

શ્રીગુરુ ફરમાવે છે કે હે જીવ! તને અત્યંત દુર્લભ મનુષ્ય-પર્યાય અને સત્ સમજવાનો યોગ મળ્યો છે તો વેપાર-ધંધા અને વિષય-કષાયમાં જ બધો સમય વ્યર્થ ન ગુમાવ! તારા આત્માના હિત માટે ચોવીસ કલાકમાં કલાક-બે કલાક તો નિવૃત્તિ લઈને સ્વાધ્યાય-મનનમાં ગાળ! ત્યારે જીવ બચાવ કરે છે કે અમને સમય જ નથી. મુંબઈ જેવા મોટા શહેરનું જીવન, વેપાર માટે કલાકો જાય, પરામાંથી શહેરમાં આવવા-જવામાં કલાકો જાય. રવિવારનો દિવસ હોય તો મળવા-હળવામાં અને વ્યવહારિક કાર્યોમાં જાય. અમારે રોજના કલાક-બે કલાકનો સમય સ્વાધ્યાય માટે કાઢવો શી રીતે?

પણ જ્યારે ડૉકટર કહે કે તમને ટી. બી. લાગુ પડી ગયો છે. તમે બહુ મોડા થયા છો. તમારે ચોવીસે કલાક બેડ-રેસ્ટ લેવો પડશે, છ-બાર માસ હોસ્પીટલમાં રહેવું પડશે. ત્યારે ડૉકટર પાસે ઉપરના કોઈ પણ બચાવ કર્યા વિના ડૉકટરની આજ્ઞા મુજબ બધું કરવા તૈયાર થાય છે. જીવને પોતાના આત્મા માટે નિવૃત્તિનો સમય કાઢવામાં બહાના સૂઝે છે, શરીરને માટે બધું જ કરવા તૈયાર છે. ધનને માટે બધું જ કરવા તૈયાર છે. સ્ત્રી-પુત્ર-પરિવાર માટે બધું જ કરી છૂટવા તૈયાર છે. ફક્ત પોતાના આત્મહિત માટે કંઈ ભોગ આપવો પડે તો તેનું તેને પોસાણ નથી. અનાદિથી આજ સુધીનો અનંત-કાળ તો ભલે દેહ-ધન-પરિવારની અર્પણતામાં જ ગયો. પરંતુ હવે આ મનુષ્ય પર્યાય અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ મળ્યા પછી પણ જો પોતાના આત્મહિત માટે નિવૃત્તિ લઈને હંમેશા સતસમાગમ અને સ્વાધ્યાય-મનનમાં કલાક-બે કલાક ગાળવાની દરકાર ન કરી તો ફરી મનુષ્ય-પર્યાય અનંત કાળમાં પણ પ્રાપ્ત થવી દુર્લભ છે—એ ખાસ વિચારવા જેવું છે.

૯૪ મી મંગલ જન્મજયંતીના પાવન પ્રસંગે

# પૂજ્ય ગુરુદેવના મંગલ જીવનમાંથી મળતી આત્મપ્રેરણા

ધર્માત્માઓનું જીવન મુમુક્ષુ જીવોને આત્મહિતની અનેકવિધ પ્રેરણાઓ આપે છે. પુરાણોમાં તીર્થંકરો, ગણધરો, મુનિવરો, ચક્રવર્તીઓ વગેરેના અનેક ભવોની આત્મસાધનાનું જે વર્ણન કર્યું છે તે વાંચતાં પણ જ્ઞાન-વૈરાગ્યની કેવી ઊર્મિઓ સ્ફૂરે છે! તો પછી એવા કોઈ ધર્માત્માનું જીવન સાક્ષાત્ નજરે નીહાળતાં મુમુક્ષુહૃદયમાં કેવા કેવા આત્મહિતના તરંગો ઉલ્લસે!! તે તો સહેજે સમજી શકાય તેવું છે.

તીર્થંકરો કે મુનિઓની તો શી વાત પણ જ્યાં ધર્માત્માઓનાં દર્શનની પણ અતિ-અતિ વિરલતા થઈ ગઈ છે એવા આ કાળમાં આપણા સૌના પરમ સદ્‌ભાગ્યે પૂજ્ય ગુરુદેવના સાક્ષાત્ દર્શન સત્સમાગમ અને નિરંતર ઉપદેશની જે પ્રાપ્તિ થઈ તે વડે આ દુર્લભ ભવ સાર્થક કરીએ એવી ભાવના.

જેમના પવિત્ર જીવનનો વિચાર કરતાં તે જીવન પણ અનેકવિધ આત્મપ્રેરણા આપી રહ્યું છે—એવા આ ગુરુદેવનો જન્મોત્સવ ઊજવતાં આપણા અસંખ્ય પ્રદેશો હર્ષ અને ભક્તિથી રોમાંચિત બને છે.

ગુરુદેવનું જીવન તેમના પોતાને માટે તો મંગળરૂપ ને કલ્યાણરૂપ હતું જ ને આપણને પણ તેમનું જીવન અનેકવિધ મંગલ પ્રેરણાઓ આપી રહ્યું છે. અહા! જે જીવનની પ્રત્યેક પળ આત્મહિતને માટે વીતતી હોય, જે જીવનની પ્રત્યેક ક્ષણ સંસારને છેદવા છીણીનું કાર્ય કરતી હોય, જે જીવનની પ્રત્યેક ક્ષણ આત્માને મોક્ષની નજીક લઈ જતી હોય તે જીવન ખરેખર ધન્ય છે......ગુરુદેવના એવા મંગલ જીવનમાંથી આપણને મળતી પ્રેરણાઓનાં સ્મરણ વડે આ જન્મોત્સવના મંગલ પ્રસંગે પરમ ઉપકારબુદ્ધિથી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ.

૧. ગુરુદેવનું જીવન સૌથી મોટી અને સૌથી અગત્યની પ્રેરણા આપે છે આત્માર્થની ધૂનની ! જેમ શ્રીકૃષ્ણ જન્મ્યા ત્યારે 'કંસને હણવા મારો અવતાર છે' એવો ગગન ધ્વનિ થયો હોવાનું અન્યમતમાં કહેવાય છે, તેમ કહાન ગુરુના જીવનમાં પહેલેથી જ નાદ ઉઠતો કે "આત્માર્થને સાધવા મારો અવતાર છે." તેઓશ્રીને ઊંડે ઊંડે એમ રહ્યા કરતું કે હું જેની શોધમાં છું તે આ નથી. કોઈ કોઈ વાર આ દુ:ખ તીવ્રતા ધારણ કરતું; અને એકવાર તો, માતાથી વિખૂટા પડેલા બાળકની જેમ, તે મહાત્મા સત્‌ના વિયોગે ખૂબ રડ્યા હતા.

આ ઉપરથી આપણે આત્માર્થની ધૂન જગાડીને ગુરુદેવના જીવનની પ્રેરણાને ઝીલીએ...

૨. આત્મા શું ચીજ છે કે સમ્યગ્દર્શન શું ચીજ છે—તેવા શબ્દો પણ સાંભળવા નહોતાં મળતાં, અનેક પ્રકારની વિપરીત માન્યતાઓના વાદળોથી ધર્મ ઘેરાઈ ગયેલો હતો,—એવા કપરા કાળમાં પણ કોઈની સહાય કે માર્ગદર્શન વગર ગુરુદેવને આત્મામાંથી અધ્યાત્મના અનેક સંસ્કાર સ્ફૂર્યા અને તે સ્ફૂરણાના બળે સત્‌નો નિર્ણય કરીને માર્ગની પ્રાપ્તિ કરી....તે આપણને એવી પ્રેરણા આપે છે કે આપણા ધાર્મિક સંસ્કાર એવા સુદઢ હોવા જોઈએ કે જે ભવો ભવમાં સાથે રહીને આપણું કલ્યાણ કરે.

૩. અત્યંત નીડરતા અને નિસ્પૃહતાપૂર્વક ગુરુદેવે કરેલું સંપ્રદાય—પરિવર્તન આપણને એમ બોધે છે કે જો તારે તારો આત્માર્થ સાધવો હોય તો જગતની દરકાર છોડી દેજે ! તું જગત સામે જોઈને બેસી રહીશ નહીં. જગત ગમે તેમ બોલે—તું તારા આત્મહિતના પંથે નિ:શંકપણે ચાલ્યો જજે.

૪. સાધર્મીવાત્સલ્ય ગુરુદેવના જીવનમાં (—અંતરમાં) કેટલું ભરેલું હતું તે તેમના એક જ ઉદ્‌ગાર ઉપરથી સમજી શકાય છે. ગુરુદેવ પદ્મપુરાણમાં અંજનાસતીના જીવન પ્રસંગો વાંચતાં હતા; જ્યારે અંજના નિર્જનવનમાં વિલાપ કરે છે તે પ્રસંગનું વર્ણન આવ્યું ત્યારે ગુરુદેવની આંખોમાંથી અશ્રુધારા ટપકવા લાગી, ને તેમના હૃદયમાંથી ઉદ્‌ગાર નીકળ્યા કે—"અરે ! ધર્માત્મા ઉપરનું દુ:ખ હું જોઈ શકતો નથી." વાત્સલ્યના

આવા અનેક પ્રસંગોથી ભરેલું ગુરુદેવનું જીવન આપણને સાધર્મી વાત્સલ્યની મહાન પ્રેરણા આપે છે.

૫. ભગવાનના વિરહમાં તેમણે જે ભગીરથ પુરુષાર્થ કરીને માર્ગ કાઢ્યો તે પુરુષાર્થની ગગનભેરી એમ સંભળાવે છે કે પુરુષાર્થી જીવ ગમે તેવી પરિસ્થિતિમાંથી પોતાનો માર્ગ કાઢી લે છે. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ તે મૂંઝાઈને બેસી નથી રહેતો પણ પુરુષાર્થ વડે આત્મહિતના અર્થે નિર્ભયપણે આગળ વધે છે.

૬. પરિવર્તન બાદ થયેલી નિંદા અને આક્ષેપોની ઝડીઓ તથા અનેકવિધ પ્રતિકૂળતાઓ વચ્ચે પણ જે નીડરતાથી તેઓએ સત્પંથે પ્રયાણ કર્યું તે એવી પ્રેરણા આપે છે કે–પોતાના આત્મહિતના પંથે પ્રયાણ કરતાં તારા ઉપર જગતના અણુ સમજુ લોકો ગમે તેવા આકરા આક્ષેપો કે નિંદાની ઝડીઓ વરસાવે તોપણ તું ડરીશ નહિ, તારો માર્ગ તું છોડીશ નહિ, નીડરપણે તારા આત્મહિતના પંથે ચાલ્યો જજે.

૭. ગુરુદેવમાં નીડરતાની જેમ સહનશીલતા પણ જબરી હતી. અનેક વખતે વિરુદ્ધ વિચારવાળા જીવો તરફથી ચર્ચા વગેરે દ્વારા ઉશ્કેરણીના પ્રસંગો ઉપસ્થિત થવા છતાં તે વખતે વિરોધીઓના તિરસ્કાર વગર શાંતચિત્તે તેઓએ ધૈર્ય અને ગંભીરતા વડે જ તે પ્રસંગને જીતી લીધા હતા. તેમની આ શૈલીથી ઘણા વિરોધીઓ પણ ભક્ત બની ગયા. આ રીતે ગુરુદેવનું જીવન આપણને ગમે તેવા વિરોધના પ્રસંગે પણ આવેશના અભાવરૂપ સહનશીલતા અને ધૈર્ય રાખવાની પ્રેરણા આપે છે.

૮. ગુરુદેવે પોતાના અંતરથી જે નિર્ણય કર્યો તેમાં તેઓ એવા મક્કમ રહેતા કે ગમે તેવી પ્રતિકૂળતાના પ્રસંગો આવી પડે તોપણ પોતાના નિર્ણયથી તેઓ ડગતા નહીં. તેમનું જીવન આપણને પ્રેરણા આપે છે કે તારા આત્મહિતના માર્ગનો એવો દૃઢ નિર્ણય કરજે કે દેવ આવે તોપણ ન ડગે ને દેહ છૂટે તોય તે માર્ગના સંસ્કાર ન છૂટે.

૯. ગુરુદેવની આત્મધૂન એવી હતી કે તેને માટે તેમનું જીવન સતત ચિંતનશીલ રહ્યું. ઘણા વર્ષો પહેલાં વીંછીઆના વડ જેવા એકાંત

સ્થાનમાં જઈને દિવસનો ઘણો ખરો ભાગ ત્યાં સ્વાધ્યાય – ચિંતનમાં વીતાવવા માત્ર એક વખત આહાર લેતા. આત્મધૂન એવી હતી કે બીજા કાર્યોમાં વખત ગુમાવવો તેમને પાલવતો નહીં. તેમનું આખું જીવન આપણને ઢંઢોળીને કહે છે કે તું ખરી આત્મધૂન જગાડ...ને બીજા કાર્યો મૂક પડતાં ભાઈ! પરના કાર્ય માટેનો તારો આ ભવ નથી.

૧૦. આત્મકલ્યાણ સાધવાની ઊંડી તાલાવેલીનું જોર તેમને વૈરાગ્ય માર્ગે લઈ ગયું....અને તેથી જ નાની વયમાં જ તેઓ બ્રહ્મચારી રહીને સંસારથી અલિપ્ત રહ્યા. એટલું જ નહિ પરંતુ લાખો લોકોમાં મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા છતાં, અને શાસ્ત્રોમાંય પારંગત થવા છતાં, તેમાં ક્યાંય તેઓ સંતુષ્ટ ન થયા ને આત્મસાધનાના માર્ગે જ તેઓ આગળ વધ્યા....આવું તેમનું જીવન બ્રહ્મચર્ય અને વૈરાગ્ય માર્ગની પ્રેરણા આપીને કહે છે કે ભાઈ! જો તારે આત્મહિત સાધવું હોય તો બીજે ક્યાંય તું સંતુષ્ટ થઈશ નહિ, બીજે ક્યાંય રોકાઈશ નહિ.

૧૧. તેઓશ્રીના સુહસ્તે થયેલી સેંકડો જિનબિંબોની પ્રતિષ્ઠા તથા અતિ ભક્તિપૂર્વક તેઓશ્રીએ કરેલી સમ્મેદશિખરજી, બાહુબલી, કુંદકુંદધામ વગેરે તીર્થોની યાત્રા તે આપણા જીવનમાં જિનેન્દ્ર ભક્તિનું તથા સાધક સંતો અને તેમની પાવન સાધનાભૂમિ (તીર્થભૂમિ) પ્રત્યેની ભક્તિનું સીંચન કરીને આરાધનાનો ઉત્સાહ જગાડે છે.

૧૨. સતત્–અપ્રમાદપણે શાસ્ત્ર–સ્વાધ્યાય–ચિંતન–મનનમાં વર્તતો તેમનો ઉપયોગ અને માત્ર આત્માની આરાધનાને અર્થે જ વીતેલું તેમનું જીવન આપણને અપ્રમાદપણે આત્મ આરાધના કરવાની આત્મપ્રેરણા આપી રહ્યું છે.

ગુરુદેવના જીવનમાંથી મળતી આવી આત્મહિતકારી અનેક પ્રેરણાઓ આપણે જીવનમાં ઉતારીએ...ને એ રીતે ગુરુદેવના જન્મને મહાન કલ્યાણનું કારણ બનાવીએ એવી આજના ૯૪ મી જન્મજયંતી પ્રસંગે ભાવના.

કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં ઉજવાયેલ

# જન્મજયંતી પ્રસંગે સમર્પિત થયેલાં શ્રદ્ધા-પુષ્પો

* અધ્યાત્મની જીવંતમૂર્તિ ગુરુદેવના દેહના અણુએ અણુમાંથી જાણે અધ્યાત્મરસ નીતરે છે; એ અધ્યાત્મમૂર્તિની મુખમુદ્રા, નેત્રો, વાણી, હૃદય બધાં એકતાર થઈ અધ્યાત્મની રેલમછેલ કરે છે અને મુમુક્ષુઓનાં હૃદયો એ અધ્યાત્મરસથી ભીંજાઈ રહ્યા છે.

* ગુરુદેવનું વ્યાખ્યાન સાંભળવું એ જીવનનો એક લ્હાવો છે. તેમનું વ્યાખ્યાન સાંભળ્યા પછી અન્ય કોઈપણ વ્યાખ્યાતાઓના વ્યાખ્યાનમાં રસ પડતો નથી. તેમનું વ્યાખ્યાન સાંભળનારને એટલું તો સ્પષ્ટ લાગે છે કે 'આ પુરુષ કોઈ જુદી જાતનો છે, જગતથી એ કાંઈક જુદું કહે છે, અપૂર્વ કહે છે, એના કથન પાછળ કોઈ અજબ દૃઢતા ને જોર છે.'

* ઉમરાળા....એ નામથી આજે ભાગ્યે જ કોઈ મુમુક્ષુ અપરિચિત હશે! સં. ૧૯૪૬ના વૈશાખ સુદ બીજનો એ ધન્ય દિવસ....પિતાશ્રી મોતીચંદભાઈને ઘેર મોતી પાકયા, ઊજમ બાની કૂખે કહાનકુમાર અવતર્યા અને સનાતન સત્ય દિગંબર જૈનમાર્ગ પ્રકાશનનો દીવડો પ્રગટ્યો, પૂર્વ સંસ્કારો સાથે એક મહાન વિભૂતિનો પશ્ચિમ ભારતમાં જન્મ થયો. ભવ્યોનાં ભાગ્ય ખૂલ્યાં. જગતના જીવોને સાચું માર્ગદર્શન મેળવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. મુમુક્ષુઓને સાચા શિરતાજ મળ્યા.

* આ દુઃષમકાળે ભવ્ય જીવોના મહાભાગ્યે ખારા સમુદ્રમાં મીઠી વીરડીની જેમ આ ક્ષેત્રે ભારત ભોમમાં મહાન પ્રતાપી પૂજ્ય શ્રી કાનજી સ્વામીનો જન્મ થયો. તેમણે વીતરાગ જિનેન્દ્રકથિત ધર્મના સત્ય માર્ગને સ્વીકાર્યો, એટલું જ નહિ પરંતુ એ પ્રભાવશાળી સંતે તો ભવ અટવીમાં ફસાયેલા મૂંઝાતા–રીબાતા–અથડાતા–તરફડીયા મારતાં જિજ્ઞાસુ જીવોને સ્વરૂપ બોધક વીતરાગી તાત્પર્યથી ભરેલાં સમયસારાદિ શ્રુતશાસ્ત્રોનું

દોહન કરી આધ્યાત્મિક અમૃતનું પાન કરાવ્યું; મૃતક કલેવરમાં મૂર્છિત થયેલાઓને તેઓએ ભેદજ્ઞાનબંસરીના અધ્યાત્મનાદ વડે સચેત કર્યા, જગાડ્યા.

* આત્માના સહજસુખનો સ્વાદ સ્વસંવેદન જ જીવની વિષયસુખની તૃષ્ણાના રોગને મટાડે છે. વ્યાખ્યાનો પણ ખૂબ અદ્ભુત થઈ રહ્યા છે. ગુરુદેવ કહે છે કે જ્ઞાનાનંદસ્વભાવનો મહિમા એવી અપૂર્વ ચોંટ પૂર્વક જીવને આવવો જોઈએ કે જેથી વીર્યનો વેગ સહજપણે પરિણામની ગતિને સ્વસન્મુખ કરે.

* અમારા ઉપર આપના વ્યક્તિત્વનો અને જીવન પ્રતિભાનો ઘણો જ પ્રભાવ છે. આપે જ અમોને જ્ઞાનચક્ષુ આપેલ છે. જૈનકુળમાં જન્મેલ હોવા છતાં પણ મિથ્યાત્વરૂપી અંધકારમાં રખડતાં અમોને આપે સન્માર્ગ બતાવીને ઊગાર્યા. શુભભાવનાને ધર્મનું કારણ માની અને કેવળ શારીરિક ક્રિયાને મોક્ષ માર્ગ માની અમે કેવળ મિથ્યાત્વને પોષી પ્રતિક્ષણે સંસારને વધારી રહ્યા હતા એવા ભયંકર અજ્ઞાનમાંથી આપે બચાવ્યા અને અનેક મુમુક્ષુઓના જીવનને સન્માર્ગ તરફ વાળ્યા. આપશ્રીના આવા મહાન ઉપકારના સ્મરણ પૂર્વક આપને અભિનંદીએ છીએ.

* જૈનગગનને ઝગમગતું કરવા જ્યારે એક તેજસ્વી સૂર્યની જરૂર હતી. એવા કાળમાં પૂજ્ય શ્રી કહાન ગુરુનો અવતાર થયો....ઉમરાળાની ધરા એમના જન્મથી ધન્ય બની....સં. ૧૯૪૬ ના વૈ. સુ. બીજના એ જ્ઞાનસૂર્યનો ઉદય થયો. એ સૂર્ય ઊગતાં જ તેના અનેકરંગી જ્ઞાનપ્રકાશથી અજ્ઞાન અંધકાર ટળ્યો ને ધરતી જ્ઞાનપ્રકાશ વડે ઝગમગી ઊઠી.

* અહો ! આ દિવ્ય પુરુષના કરાયેલા ઉપકારમાત્રનું સ્મરણ થતાં જ આત્માના અસંખ્ય પ્રદેશરૂપી સિતાર ભક્તિગીતથી ઝણઝણી ઊઠે છે. વર્તમાન કાળમાં જો આ ભાનુનો ઉદય ન થયો હોત તો કલ્પવું પણ મુશ્કેલ છે કે અજ્ઞાન અંધકાર કેટલો ફેલાયો હોત !—અને જગત વીરમાર્ગને કેમ જાણી શક્યું હોત !

* એક તરફ ભારતની સ્વાધીનતાના ઢંઢેરા પિટાયા તો બીજી તરફ પૂજ્ય શ્રી કાનજીસ્વામીએ આત્મિક સ્વાધીનતાના ઢંઢેરા પ્રસિદ્ધ કર્યા !

તેઓશ્રી સં. ૧૯૯૧ માં સોનગઢ આવીને ડુંગરાળ જગ્યામાં વેરાન જેવા સ્થાનમાં એકલા પડાવ નાખ્યો હશે ત્યારે કોણે કલ્પ્યું હશે કે આ ભૂમિ એક વખત ભારતભરની માર્ગદર્શક બની રહેશે! કોને ખબર હશે કે અહીં પવિત્રતાના પૂંજ ખડકાશે? કોને ખબર હશે કે અહીં મોટા મંદિરોની વિશિષ્ટ રચનાઓ થશે!

* અધ્યાત્મનભોમંડળમાં તેજસ્વી સૂર્યસમ ચમકતા સ્વાનુભવી સંત ધર્માત્મા પ્રતિ આત્માર્થીને બહુમાન ન થાય? થાય જ. તેમાં વળી જે સંત મહાત્માનો ભવ્ય સમાજ પર અત્યંત નિસ્પૃહી પ્રત્યક્ષ ઉપકાર છે તેમનાં ગુણગાન ગાવાનો, નમ્ર ભાવે ભક્તિ પ્રદર્શિત કરવાનો સુઅવસર પ્રાપ્ત થતાં મુમુક્ષુના હૃદયના તાર ભક્તિથી ઝણઝણી ઊઠે છે ને તેમના ચરણોમાં સપ્રેમ શિર ઝુકાવી અતિ ઉમંગે ભક્તિભાવ સહ શ્રદ્ધાંજલિ અર્પે છે.

* અહો ગુરુદેવ! સંસારરૂપી મધ દરિયામાં ડૂબકી ખાતાં અમ દુઃખી જીવોને આપે ચૈતન્ય-જહાજનું શરણ બતાવીને બચાવ્યા છે. ધર્મ સાધનાની ખરી મોસમરૂપ જે આ માનવ-પર્યાય, તેમાં જો આપનું શરણ ન મળ્યું હોય તો આત્માશ્રિત માર્ગના લક્ષ વિના અમે કોના આધારે જીવન જીવત? હે નાથ! ચૈતન્ય-જીવનનો રાહ બતાવી આપે જ અમ પામર જીવોને સજીવન કર્યા છે. સમયસાર આદિ મહાન ગ્રંથોનું અપૂર્વ શ્રવણ કરાવી અમારા શ્રોત્રની સફળતા કરાવી છે. અજ્ઞાન અંધકારને ભેદવાનો માર્ગ બતાવી અમને નેત્ર આપ્યાં છે. હિતાહિતનો વિવેક કરાવી અમને મન આપ્યું છે. ખરેખર અમારા જીવનના આપ જ સુકાની છે.

* અધ્યાત્મની ચર્ચા પ્રેમપૂર્વક સાંભળે છે તે ધન્ય છે—એમ સંતોએ કહ્યું છે, તો પછી સાક્ષાત્ અધ્યાત્મના અનુભવરૂપ પરિણમેલા ધર્માત્માની શી વાત!!! એવા સંતના શરણમાં રહીને જીવનમાં અધ્યાત્મપ્રેમને વધુ પુષ્ટ કરીએ ને જીવન સાધના સફળ બનાવીએ... એ જીવનમાં એક જ કર્તવ્ય છે.

* જૈનધર્મ એટલે ઉત્કૃષ્ટ ધર્મ; આવા નિકૃષ્ટકાળમાં ઉત્કૃષ્ટ ધર્મનું

સ્વરૂપ સમજાવનાર સંત પ્રત્યે જિજ્ઞાસુને બહુમાન અને મહિમા આવ્યા વગર રહે જ નહિ. ચક્રવર્તી પદનો તણખલાની જેમ ત્યાગ કરનારને શ્રી જિનની વાણી કેવી અદ્દભુત લાગી હશે! તેનો આંશિક ખ્યાલ કહાનગુરુની વાણી સાંભળતા આવ્યા વગર રહેતો નથી.

* ઉનકા કાન્તિમાન તેજસ્વી વદન ઇસ ભૌતિક યુગકે વિષય-વિમુગ્ધ જીવોંકો બ્રહ્મચર્યકા પુનિત આમંત્રણ દે રહા હૈ। દિનચર્યા ઇતની વ્યવસ્થિત કિ સમય-દર્શક ભી હાર ખાતા હૈ। ઉન્હોંને ભરપૂર યૌવનમેં ભરાપૂરા ઘર છોડા, ઉસ તત્ત્વકો પાનેકે લિયે, જિસકે અભાવમેં લોક સબ કુછ પાકર ભી દરિદ્ર બના રહતા હૈ, ઉસકે પીછે ઉન્હોંને ઉપસર્ગ ઝેલે, આપતિયાં સહી, દેહકો ભી નહીં ગિના, ક્યોંકિ અનમોલ થા વહ તત્ત્વ, ઉસકે વિના માનો જીવન નિઃસાર થા! અપને સંપૂર્ણ શ્રમસે ઉસે પાકર હી રહે। ઉનમેં તત્ત્વ પ્રતિપાદનકી અદ્દભુત ક્ષમતા હૈ। ઉનકી વાણી મુક્તિકે મૂલ તત્ત્વ-વસ્તુ સ્વાતંત્ર્યકી નિર્ભય—નિઃશંક ઘોષણ કરતી હૈ। લોગ ઉનકે દ્વારા પ્રતિપાદિત તત્ત્વકા વિરોધ કરતે હૈં, કિંતુ વિરોધકા અહં લેકર અનેક ભાઈ ઉનકે નિકટ આતે હી ઝૂક જાકે હૈ।

* કુંદકુંદાદિ મહાન સંતોકી પાવન વાણીકા રસાસ્વાદ આતા હૈ। સવાર્થસિદ્ધિસી સ્વર્ણપુરીકા કણ કણ આજ ચૈતન્ય ગીતોંસે મુખરિત હો રહા હૈ। સંતોકે વાણીકે રહસ્યકા ઉદ્દઘાટન આજ સોનગઢકે એકાન્તમેં કર રહે હૈં। વાયુકી તરંગો દ્વારા આકાશવાણીકી ભાંતિ આજ ઉસકા પ્રસાર હો રહા હૈ। આજ સોનગઢ વિશ્વમેં અધ્યાત્મ વિદ્યાકા એક માત્ર કેન્દ્ર હૈ। ઉસે યદિ હમ અધ્યાત્મ વિશ્વવિદ્યાલય કહે તો અનુચિત ન હોગા। જડતા કે દાસ્યકી અનાદિ કાલીન શૃંખલાઓકો ક્રીડા માત્રમેં છિન્ન-ભિન્ન કરનેકા એકમાત્ર સાધન આજ હમેં ઇસ મહાપુરૂષકે રુપમેં અનાયાસ હી મિલા હૈ। સાતિશય પુણ્યશાલી કિન્તુ પુણ્ય કે અતિશયોંસે અપ્રભાવિત ઇન સર્વોદયી યુગ-નેતાસે આજ સારા હી વિશ્વ ઉપકૃત હો રહા હૈ।

## સમ્યક્ત્વ-જયંતીના દિને મુમુક્ષુસમાજની વિનંતીથી પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જ્ઞાનધારામાંથી વહેલા ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક બે શબ્દ

ગુરુદેવે સ્વાનુભૂતિનો માર્ગ બતાવ્યો છે. આ કાળમાં માર્ગ જાણવો ઘણો મુશ્કેલ હતો. આવા કાળમાં આપણાં મહાભાગ્યે ગુરુદેવનો અવતાર થયો.

સ્વાનુભૂતિના પંથે ચાલવાથી મુક્તિનો માર્ગ પ્રગટ થાય છે તે ગુરુદેવે બતાવ્યું છે. એ પંથે જ ચાલવા જેવું છે. તેનાથી જ ભવનો અભાવ થાય છે, આત્મામાં સુખ પ્રગટ થાય છે, કોઈ અપૂર્વ આનંદ વેદનમાં આવે છે.

આત્મામાં જ આનંદ ભરેલો છે. આનંદ ક્યાંય બહાર નથી, આત્મા જ તેનાથી ભરપૂર છે. આત્માનો સ્વભાવ જ આનંદ છે.

આત્માનો સ્વભાવ જ્ઞાન પણ છે. આત્મા પોતે જ્ઞાન-આનંદ વગેરે અનંત ગુણોથી ભરપૂર છે. આવા અનંત ધર્મોથી ભરપૂર આ આત્મા અનુપમ છે, તે જ સર્વસ્વ છે—એવી જો તેની અપૂર્વતા લાગે તો તેની પરિણતિ તે તરફ ઝૂક્યા વિના રહે જ નહિ.

અનાદિ કાળથી જીવ પોતે બહાર ભટકી રહ્યો છે. બહારથી સુખ મળે છે, બધુંય બહારથી મળે છે એમ માની-માનીને બહારમાં ભટકે છે. પરંતુ સુખ તો આત્મામાં જ ભરેલું છે. જ્ઞાન પણ આત્મામાં છે. એવા અનંત ગુણો આત્મામાં છે કે જેમની પર્યાયો અનંત કાળ સુધી તેમાં પરિણમ્યા કરે તોપણ તે અનંત અગાધતાથી ભરપૂર સમુદ્ર પરિપૂર્ણ-નિયત રહે છે. આ આત્મા એક સ્વતઃસિદ્ધ સહજ વસ્તુ છે; તેથી તેનો સ્વભાવ અનંત અનંતતાથી ભરપૂર છે. તેમાં અનંત શક્તિવાળા અનંત ગુણો છે. દરેક ગુણની અનંત શક્તિ, તેમાં અનંત કાળ સુધી પરિણમન થતું રહે તોપણ, પરિપૂર્ણ-નિયત રહે છે.

અનંત ગુણોથી ભરપૂર આત્મા જો પોતે ભેદજ્ઞાન કરે કે—આ જે પર છે તે 'હું' નથી, વિભાવ મારું સ્વરૂપ નથી, હું તેમનાથી અત્યંત ભિન્ન શાશ્વત ચૈતન્યપદાર્થ છું, આવા ભેદજ્ઞાનપૂર્વક જો તે શાશ્વત દ્રવ્યની દૃષ્ટિ કરે, તેનું જ્ઞાન કરે, તેમાં લીનતા કરે તો તે પ્રગટ થયા વિના રહે નહિ.

મુક્તિનો માર્ગ એક જ છે. બધું કરીને કરવાનું તો એક જ છે—શાશ્વત શુદ્ધ આત્માનું આલંબન એટલે કે તેની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા. તેના માટે આત્માની ઓળખાણ કરવી જોઈએ. જ્યાં સુધી પોતે અંતરંગ પરિણમનપૂર્વક તેની ઓળખાણ ન કરી શકે, ત્યાં સુધી તેને તેના માટે તત્ત્વવિચાર વગેરેનો પ્રયત્ન થયા વિના રહે નહિ. પરંતુ કરવા જેવું તો એક જ છે—એક શાશ્વત શુદ્ધ આત્માનું આલંબન. ગુરુદેવે આત્મકલ્યાણનો આ જ માર્ગ બતાવ્યો છે.

આત્મકલ્યાણ કરી લેવાની ભાવનાવાળો આત્માર્થી જીવ દૃઢ તત્ત્વનિર્ણયપૂર્વક સ્વ-પરના ભેદનો અથવા જ્ઞાતાના ગ્રહણનો અભ્યાસ કરીને, તે અભ્યાસની ઉગ્રતા વડે, વિકલ્પ તૂટતાં, આનંદઝરતી નિર્વિકલ્પ સ્વાનુભૂતિને અવશ્ય પ્રાપ્ત કરી લે છે. તેના માટે આત્માર્થીએ એવો પ્રયાસ કરવા જેવો છે. એવો પ્રયત્ન કરનાર, આત્મકલ્યાણની લગનીવાળા આત્માર્થી જીવને વિભાવમાં બિલકુલ શાંતિ લાગતી નથી, શાંતિ એક માત્ર આત્મામાં જ ભાસે છે—એક માત્ર આત્મામાં જ તેને સર્વસ્વ લાગે છે. જો આત્મામાં જ શાંતિ લાગે, સર્વસ્વ લાગે, તો જ તેનો ઉગ્ર પ્રયત્ન થાય.

આત્મા તો અનુપમ પદાર્થ છે. શ્રી સમયસારમાં કહ્યું છે કે '**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।**' એટલે કે અનેકાન્તમય મૂર્તિ —જિનવાણી—સદાય પ્રકાશમાન રહો. શા માટે? કારણ કે તે અનંત ધર્મોવાળા મહાન આત્મપદાર્થના તત્ત્વને પ્રસિદ્ધ કરે છે. આવો જ્ઞાન-આનંદ વગેરે અનંત ધર્મોવાળો આત્મા કોઈ અપૂર્વ મહિમાવંત મહાપદાર્થ છે. તેને ઓળખવાનો સતત ઉગ્ર પ્રયત્ન કરવામાં આવે તો તે અવશ્ય પ્રગટ થાય છે. તેના ત્રિકાળી સ્વભાવને ઓળખી તેનું અવલંબન લેતાં, જે જાતનો તેનો શાશ્વત સ્વભાવ છે તે જાતની

શુદ્ધ સ્વભાવપર્યાય પ્રગટ થાય છે. શાશ્વત સ્વભાવના આલંબને સ્વભાવપર્યાય પ્રગટ થાય છે, વિભાવના આલંબને વિભાવપર્યાય થાય છે. તેથી આત્માર્થીએ સ્વભાવની દૃષ્ટિ-જ્ઞાન-રમણતા કરવા જેવી છે.

આત્માનો સ્વભાવ તો અનાદિ-અનંત સદાશુદ્ધ પરિપૂર્ણ છે. સ્વાનુભૂતિ પ્રાપ્ત કરનારને તે સ્વભાવનો અંશ પ્રગટ થાય છે, પરંતુ તેને તે અંશથી શાંતિ–તૃપ્તિ–સંતોષ થઈ જતો નથી; તેને ભાવના તો સદાય પૂર્ણ વીતરાગતાની રહે છે. પુરુષાર્થની મંદતાને લીધે પોતે ભલે માત્ર સમ્યગ્દષ્ટિ જ હો, ગૃહસ્થદશામાં હો, તોપણ તેને ભાવના તો એવી જ રહે છે કે ક્યારે હું મુનિદશા પ્રાપ્ત કરું, ક્યારે હું પૂર્ણ વીતરાગતારૂપે પરિણમી જાઉં. તેને સદા નિર્વિકલ્પ સ્વાનુભૂતિ, આત્મામાં પ્રચુર લીનતા ને પૂર્ણ વીતરાગતાની ભાવના રહે છે. એક અંશથી તેને સંતોષ થતો નથી.—આવું હોવા છતાં તેને અંશે શાંતિ અને તૃપ્તિ તો અવશ્ય થાય છે, કેમ કે અનાદિ કાળથી જે વિભાવમાં એકત્વબુદ્ધિ હતી, આકુળતા હતી, તે છૂટતાં કોઈ અપૂર્વ પરિણતિ પ્રગટ થઈ, જેનાથી અપૂર્વ શાંતિ, અપૂર્વ આનંદ અનુભવમાં આવ્યો. અંતરમાં લોકોત્તર માર્ગ પ્રગટ્યો—આત્માનું અપૂર્વ તેમ જ અલૌકિક પરિણમન થયું તેનો આનંદ થાય છે. આ રીતે તેને અપૂર્વ શાંતિ ને આનંદ પણ હોય છે અને પૂર્ણ આનંદમય વીતરાગ દશાની ભાવના પણ રહે છે.

સંક્ષેપમાં, કરવાનું તો એક જ છે—જ્ઞાયકતત્ત્વનો આશ્રય. પૂજ્ય ગુરુદેવે એ જ બતાવ્યું છે. તે જ સારભૂત છે, બાકી બધું નિઃસાર છે. જ્ઞાયકતત્ત્વ કહો, શુદ્ધાત્મદ્રવ્ય કહો, પરમપારિણામિકભાવ કહો—બધું એક છે. તેનો જ આશ્રય—તેની જ દૃષ્ટિ-જ્ઞાન-રમણતા કરવા જેવી છે, તેનાથી જ સ્વાનુભૂતિથી મુક્તિ સુધીની બધી શુદ્ધ-પર્યાયો પ્રગટે છે અને શાશ્વત પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય છે.

સમ્યક્‌માર્ગદર્શક કૃપાળુ ગુરુદેવનો અપાર ઉપકાર છે.

# અહા ! જુઓ તો ખરા ! જગતના જીવોના પરિણામની વિચિત્રતા !!

[શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા–૫૫ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

આજે સમવસરણની પ્રતિષ્ઠાનો વાર્ષિક દિવસ છે. જુઓ, સમવસરણ શું ચીજ છે અને તેને કબૂલનારે કેટલું કબૂલ કરવું જોઈએ ?—કે જગતમાં અનંત આત્માઓ ભિન્ન ભિન્ન છે; અનાદિથી આત્મા પોતાના સ્વભાવનું ભાન ભૂલીને ચાર ગતિમાં રખડતો હતો; પછી આત્માનું યથાર્થ ભાન કર્યું ને પૂર્ણ વીતરાગતા ન થઈ ત્યાં રાગ રહ્યો; તે રાગમાં કોઈ જીવને એવો શુભરાગ હોય કે તીર્થંકર નામકર્મ બંધાય છે. કોઈ જીવ એમ માને કે "મારે તીર્થંકર થવું છે માટે હું શુભરાગ કરીને કે સોળકારણ ભાવના ભાવીને તીર્થંકર નામકર્મ બાંધું"—તો એમ તીર્થંકર થવાતું નથી. તીર્થંકર-નામકર્મ જેનાથી બંધાય એવો રાગ સમ્યગ્દૃષ્ટિની ભૂમિકામાં જ આવે છે. પણ ધર્મી જીવને તે રાગની કે તીર્થંકર નામકર્મની ભાવના હોતી નથી. અને સમકિતી જીવોમાં પણ બધાયને તીર્થંકરનામકર્મ નથી બંધાતું. બધા સમકિતી જીવોને રાગ એક સરખો નથી હોતો. રાગ તે આત્માના ચારિત્રગુણની વિપરીત અવસ્થા છે. સ્વભાવના ભાનની ભૂમિકામાં પણ વીતરાગતા ન થાય ત્યાં સુધી રાગ હોય છે. પણ તેમાં જેના નિમિત્તે તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારનો રાગ તો અમુક જીવને જ હોય છે. ત્યાર પછી તે રાગ ટાળીને વીતરાગતા પ્રગટ કરી સર્વજ્ઞ થાય ત્યારે જ તે તીર્થંકર નામકર્મનો ઉદય આવે છે, અને ઇંદ્ર વગેરે આવીને તે તીર્થંકરના દૈવી સમવસરણની રચના કરે છે. આવું સમવસરણ અત્યારે આ ભરતક્ષેત્રમાં નથી. પણ જ્યારે અહીં મહાવીર પરમાત્મા બિરાજતા હતા ત્યારે સમવસરણ હતું ને દેવો આવીને ભગવાનની સેવા–ભક્તિ કરતા હતા. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધર પરમાત્મા તીર્થંકરપણે બિરાજે છે. તેમને આવું સમવસરણ છે. અહીં તો તેનો નમૂનો છે.

જુઓ, સમવસરણને સ્વીકારતા કેટલું સ્વીકારવાનું આવ્યું ?

આત્મા છે તે એક જ નથી પણ ભિન્ન ભિન્ન અનંત આત્માઓ છે.

તેની અવસ્થામાં વિકાર છે.

તે વિકારના નિમિત્તે કર્મ બંધાય છે, એટલે કે જગતમાં અજીવ તત્ત્વો પણ છે.

તીર્થંકરનામકર્મ અમુક જીવને જ બંધાય છે. બધાને બંધાતું નથી, એટલે જીવોની પરિણામની વિચિત્રતા છે.

રાગ ટળીને સર્વજ્ઞદશા પ્રગટે છે. ને એવી સર્વજ્ઞદશામાં તીર્થંકર ને સમવસરણ હોય છે.

આ ક્ષેત્ર સિવાય મહાવિદેહ ક્ષેત્ર વગેરે ક્ષેત્રો પણ છે જ.

આ બધી કબૂલાત આવે ત્યારે સમવસરણને માની શકે.

જગતમાં અનંત આત્માઓ ભિન્ન ભિન્ન છે; દરેક આત્માનો જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વભાવ છે, તે ત્રિકાળ છે અને ક્ષણે ક્ષણે તેની અવસ્થા પલટે છે. તે અવસ્થામાં શ્રદ્ધા જ્ઞાન સાચા થવા છતાં ચારિત્રગુણની અવસ્થામાં વિપરીતતા પણ રહે છે. ચારિત્રની વિપરીતતાથી રાગ થાય છે. તે રાગ દરેક જીવને એક સરખો નથી હોતો, પણ તેમાં દરેક આત્માને તારતમ્યતા હોય છે, કોઈને અમુક પ્રકારનો રાગ આવે ને કોઈને બીજા પ્રકારનો રાગ આવે. કોઈ જીવ એમ માને કે "મારે અમુક જ પ્રકારનો રાગ કરવો છે" તો તે જીવ રાગનો કર્તા થાય છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. હું જ્ઞાનમૂર્તિ છું, રાગનો એક અંશ પણ મારું સ્વરૂપ નથી—એમ જેને આત્માનું ભાન થયું હોય, પણ હજી પૂર્ણ વીતરાગતા પ્રગટી ન હોય, તેવા જીવોમાં જે જીવ તીર્થંકર થવાને લાયક હોય તેને જ તીર્થંકર નામકર્મ બંધાય એવી જાતના પરિણામ આવે છે ને તેને જ તીર્થંકર નામકર્મ બંધાય છે. જુઓ, અંદરમાં રાગરહિત સ્વભાવનું ભાન, છતાં પર્યાયમાં ચારિત્રની નબળાઈનો રાગ, અને તેમાં પણ એવો રાગ કે જેના નિમિત્તે સામે તીર્થંકર પ્રકૃતિરૂપે પરિણમવાની લાયકાતવાળા પરમાણુઓ તથા તેના ફળમાં સમવસરણની રચના બને અને આત્માની પૂર્ણ વીતરાગદશા થતાં સમવસરણની વિભૂતિનો સંયોગ—આ બધુંય માને તો જ સમવસરણને યથાર્થપણે સ્વીકારી શકે.

તીર્થંકર પ્રકૃતિ કોને બંધાય?—કે જેને રાગનો આદર ન હોય તેને; અને તે પ્રકૃતિનું ફળ ક્યારે આવે?—કે જ્યારે તે રાગ ટળીને વીતરાગદશા પ્રગટે ત્યારે. તીર્થંકર પ્રકૃતિનું બંધન તો નીચલી દશામાં ધર્મીને થાય છે પણ તેનો ઉદય તેરમા ગુણસ્થાને જ આવે છે. જે રાગથી તીર્થંકર પ્રકૃતિ બંધાણી તે રાગ ટળી ગયા પછી જ તેનો ઉદય આવે છે. આ વાત સમજવા જેવી છે. જેને પુણ્ય સામગ્રીના ભોગવટાની ઇચ્છા છે તેને પુણ્ય સામગ્રીની પૂર્ણતા હોતી નથી. તીર્થંકરનાં પુણ્ય સર્વોત્કૃષ્ટ હોય છે પણ તેનું ફળ સાધકદશામાં આવતું નથી: રાગ ટાળીને કેવળજ્ઞાન થયા પછી જ તે તીર્થંકર પ્રકૃતિનું ફળ આવે છે; પણ તે વખતે તે જીવને સામગ્રીના ભોગવટાનો રાગ ભાવ હોતો નથી. પહેલાં નીચલી દશામાં રાગરહિત પૂર્ણ સ્વભાવની દૃષ્ટિ પ્રગટી. તે ભૂમિકામાં તીર્થંકર પ્રકૃતિ બંધાણી; અને પછી અંતરમાં પૂર્ણ સ્વભાવની ભાવના ભાવતાં ભાવતાં કેવળજ્ઞાન થયું ત્યાં બહારમાં તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવ્યો ને સમવસરણની રચના થઈ પણ તે કેવળી ભગવાનને સંયોગના ભોગવટા તરફનું વલણ રહ્યું નથી. અહો! સો ઇંદ્રો આવીને તીર્થંકરનાં ચરણકમળને ભક્તિથી પૂજે છે ને દૈવી સમવસરણ રચે છે.

છતાં ભગવાનને રાગ નથી; ભગવાન તો પોતાના સ્વરૂપના પૂર્ણાનંદના ભોગવટામાં લીન છે. જુઓ, સમવસરણ માનનારે આત્માની આવી દશાની ઓળખાણ કરવી જોઈએ. આવી પૂર્ણાનંદી વીતરાગ દશામાં જ સમવસરણનો યોગ હોય છે, રાગી જીવને સમવસરણ હોઈ ન શકે.

આત્મા છે, તેનામાં અનંત ગુણો છે, તેનું સમય સમયનું સ્વતંત્ર પરિણમન છે; તેમાં ચારિત્રગુણની વિપરીત દશામાં રાગ થાય છે, તે રાગના નિમિત્તે કોઈ જીવને તીર્થંકરનામકર્મ બંધાય છે ને તેના ફળમાં સમવસરણ રચાય છે.—આ બધું સ્વીકારે તો જ સમવસરણને માન્યું કહેવાય. આત્માના ત્રિકાળી સ્વભાવને, રાગને અને સંયોગને —એ બધાયને જે સ્વીકારે તેને રાગની કે સંયોગની ભાવના હોતી નથી, પણ પોતાના સ્વભાવની જ ભાવના હોય છે. આ બધી કબૂલાત આવ્યા વગર તીર્થંકર કે તીર્થંકરના સમવસરણને યથાર્થપણે માની શકે નહિ.

સ્વભાવ, રાગ અને સંયોગ—એ ત્રણે એકસાથે વિદ્યમાન છે, તેમાં ધર્મીની રુચિ સ્વભાવ ઉપર પડી છે, તેને સંયોગની કે રાગની રુચિ હોતી નથી. સમવસરણનો સંયોગ આત્માનો લાવ્યો લવાતો નથી, તે તો જગતના પરમાણુઓનું પરિણમન છે. જગતમાં જીવ અને જડ બધી વસ્તુઓ ક્ષણે ક્ષણે સ્વતંત્રપણે પરિણમી રહી છે. તેમાં અનાદિથી તે પ્રકારની ખાસ લાયકાતવાળા જીવને જ તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારના શુભ પરિણામ આવે છે, ને તેના ઉદય વખતે બહારમાં સમવસરણની રચના થાય એવું પરમાણુઓનું પરિણમન હોય છે. સમકિતી જીવને તો સમવસરણના સંયોગની કે જે ભાવથી તીર્થંકરપ્રકૃતિ બંધાણી તે શુભ ભાવની ભાવના હોતી નથી, તેને તો પોતાના અસંયોગી ચૈતન્યતત્ત્વની જ ભાવના છે, મિથ્યાદૃષ્ટિ જીવને સંયોગની ને રાગની ભાવના છે, તેને કદી તીર્થંકર નામકર્મ બંધાતું નથી.

જુઓ તો ખરા જગતના જીવોના પરિણામોની વિચિત્રતા! એક જીવને સમવસરણ રચાય ને બીજાને ન રચાય,—તેનુ કારણ શું? અનેક સમ્યગ્દૃષ્ટિ જીવો હોય તેમાં પણ કોઈકને જ તીર્થંકર નામકર્મ બંધાય તેવા પ્રકારના શુભ પરિણામ આવે ને બીજા જીવોને તેવા પરિણામ કદી આવે જ નહિ; એ જ પ્રમાણે કોઈ જીવને આહારક શરીર બંધાય તેવા પ્રકારનો શુભરાગ આવે ને બીજા જીવોને મોક્ષ પામતાં સુધીનાં કાળમાં કદી પણ તેવા પ્રકારના પરિણામ ન આવે; કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવને સર્વાર્થસિદ્ધિનો ભવ મળે એવી જાતના પરિણામ થાય ને કોઈ સમ્યગ્દૃષ્ટિને પહેલાં સ્વર્ગનું ઇન્દ્રપદ મળે તેવા પરિણામ થાય. કોઈ જીવ ચક્રવર્તી થઈને પછી મુનિ થઈને મોક્ષ પામે;—અને કોઈ જીવ સાધારણ મનુષ્ય થઈને પછી મુનિ થઈ મોક્ષે પામે. સંસારમાં જીવોના પરિણામની આવી વિવિધતા છે ને નિમિત્તરૂપે પુદ્ગલના પરિણમનમાં પણ તેવી વિચિત્રતા છે. બધાય જીવો અનાદિથી ચાલ્યા આવે છે. દ્રવ્યે અને ગુણે બધા જીવો

સરખા છે, છતાં પરિણામમાં ભિન્ન ભિન્ન પ્રકારો થાય છે, તેનું કારણ શું?—તેનું કારણ કોઈ નથી, સંસારમાં પરિણામોની એવી જ વિચિત્રતા છે. ધર્મીજીવ પોતાના ત્રિકાળ એકરૂપ સ્વભાવની દૃષ્ટિપૂર્વક સંસારની આવી વિચિત્રતાને જાણે છે.

અનાદિ અનંત કાળમાં કદી તીર્થંકરપણાનો ભાવ જ ઘણા જીવોને તો ન આવે. કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામી જાય પણ વચ્ચે જેનાથી તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારનો ભાવ ન આવે અને કોઈ જીવને તેવો ભાવ આવે. મોક્ષ તો બન્ને જીવો પામે, પણ તેમના પરિણામમાં વિચિત્રતા છે. એનું કારણ શું? એનું કારણ તે તે પર્યાયની તેવી જ યોગ્યતા! આ એક 'યોગ્યતા વાદ' એવો છે કે બધા પ્રકારોમાં લાગુ પડે એટલે કે બધાં પ્રકારોનું સમાધાન કરી નાખે. તે નક્કી કરતાં 'આમ કેમ?' એવો પ્રશ્ન જ્ઞાનમાં રહેતો નથી.

જુઓ, આ સંસારના સ્વરૂપની વિચારણા! કોણ આ વિચાર કરે છે? 'હું જ્ઞાનસ્વભાવ છું, મારા સ્વભાવમાં સંસાર નથી' એવા ભાનપૂર્વક ધર્મી જીવ સંસારના સ્વરૂપનો વિચાર કરે છે; સંસારરહિત સ્વભાવની દૃષ્ટિ જેને પ્રગટી નથી તેને સંસારના સ્વરૂપનો યથાર્થ વિચાર હોતો નથી. જેનાથી તીર્થંકરનામકર્મ બંધાય, જેનાથી સર્વાર્થસિદ્ધિનો ભવ મળે, જેનાથી આહારકશરીર મળે તથા જેનાથી ઇંદ્રપદ કે ચક્રવર્તીપદ મળે—એવા પ્રકારના પરિણામ સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. પણ સમ્યગ્દૃષ્ટિને તેની ભાવના હોતી નથી, તેમજ બધા સમ્યગ્દૃષ્ટિને તેવા પ્રકારના પરિણામ આવતા નથી; જેનામાં તે તે જાતની લાયકાત હોય તેને જ તેવા પરિણામ થાય છે. કોઈક સમ્યગ્દૃષ્ટિને પણ અનાદિ સાંત સંસારમાં તેવી જાતના પરિણામ કદી આવતા નથી. અરે, સંસારમાં જેમણે કદી સ્વર્ગનો કે નરકનો એક પણ ભવ કર્યો ન હોય, અનાદિ નિગોદમાંથી નીકળી, મનુષ્ય થઈને મોક્ષ પામી જાય—એવા જીવો પણ હોય છે. જુઓ તો ખરા વિચિત્રતા! કોઈ જીવો તો અનંતવાર સ્વર્ગના ને નરકના અવતાર કરી ચૂકયા, ને કોઈ જીવને અનાદિ સાંત સંસારમાં સ્વર્ગ કે નરકનો ભવ થાય તેવા પરિણામ જ ન આવ્યા! એક જીવ તો તીર્થંકર થઈને મોક્ષ પામે છે ને બીજો જીવ સાધારણ રાજા પણ થતો નથી. સાધારણ મનુષ્ય થઈને મોક્ષ પામે છે. જીવોના તે તે જાતના વિકલ્પોની વિચિત્રતા છે. ધર્મીને તે વિચિત્રતા દેખીને આશ્ચર્ય થતું નથી, કેમ કે તે એકલી વિચિત્રતાને જ નથી દેખતો, પણ એકરૂપ સ્વભાવની દૃષ્ટિને મુખ્ય રાખીને પર્યાયની વિચિત્રતાનું જ્ઞાન કરે છે; આવા સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને જ સંસારના બધા પડખાઓનું ભાન હોય છે, ને તેને જ "સંસારભાવના" હોય છે. એકલી પર્યાય બુદ્ધિવાળા અજ્ઞાની જીવો તો પર્યાયની વિચિત્રતાને દેખીને વિસ્મયતામાં અટકી જાય છે, ને જ્ઞાનીને સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી પર્યાયની વિચિત્રતામાં વિસ્મયતા થતી નથી, પણ ક્ષણે ક્ષણે વીતરાગતા વધે છે.

સરખા છે, છતાં પરિણામમાં ભિન્ન ભિન્ન પ્રકારો થાય છે, તેનું કારણ શું?—તેનું કારણ કોઈ નથી, સંસારમાં પરિણામોની એવી જ વિચિત્રતા છે. ધર્મીજીવ પોતાના જ્ઞાન એકરૂપ સ્વભાવની દૃષ્ટિપૂર્વક સંસારની આવી વિચિત્રતાને જાણે છે.

અનાદિ અનંત કાળમાં કદી તીર્થંકરપણાનો ભાવ જ ઘણા જીવોને તો ન આવે. કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામી જાય પણ વચ્ચે જેનાથી તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારનો ભાવ ન આવે અને કોઈ જીવને તેવો ભાવ આવે. મોક્ષ તો બન્ને જીવો પામે, પણ તેમના પરિણામમાં વિચિત્રતા છે. એનું કારણ શું? એનું કારણ તે તે જીવોની તેવી જ યોગ્યતા! આ એક 'યોગ્યતા વાદ' એવો છે કે બધા પ્રકારોમાં લાગુ પડે એટલે કે બધાં પ્રકારોનું સમાધાન કરી નાખે. તે નક્કી કરતાં 'આમ કેમ?' એવો પ્રશ્ન જ્ઞાનમાં રહેતો નથી.

જુઓ, આ સંસારના સ્વરૂપની વિચારણા! કોણ આ વિચાર કરે છે? 'હું જ્ઞાનસ્વભાવ છું, મારા સ્વભાવમાં સંસાર નથી' એવા ભાનપૂર્વક ધર્મી જીવ સંસારના સ્વરૂપનો વિચાર કરે છે; સંસારરહિત સ્વભાવની દૃષ્ટિ જેને પ્રગટી નથી તેને સંસારના સ્વરૂપનો યથાર્થ વિચાર હોતો નથી. જેનાથી તીર્થંકરનામકર્મ બંધાય, જેનાથી સર્વાર્થસિદ્ધિનો ભવ મળે, જેનાથી આહારકશરીર મળે તથા જેનાથી ઇંદ્રપદ કે ચક્રવર્તીપદ મળે—એવા પ્રકારના પરિણામ સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. પણ સમ્યગ્દૃષ્ટિને તેની ભાવના હોતી નથી. તેમજ બધા સમ્યગ્દૃષ્ટિને તેવા પ્રકારના પરિણામ આવતા નથી; જેનામાં તે તે જાતની લાયકાત હોય તેને જ તેવા પરિણામ થાય છે. કોઈક સમ્યગ્દૃષ્ટિને પણ અનાદિ અનંત સંસારમાં તેવી જાતના પરિણામ કદી આવતા નથી. અરે, સંસારમાં જેમણે કદી સ્વર્ગનો કે નરકનો એક પણ ભવ કર્યો ન હોય, અનાદિ નિગોદમાંથી નીકળી, મનુષ્ય થઈને મોક્ષ પામી જાય—એવા જીવો પણ હોય છે. જુઓ તો ખરા વિચિત્રતા! કોઈ જીવો તો અનંતવાર સ્વર્ગના ને નરકના અવતાર કરી ચૂક્યા, ને કોઈ જીવને અનાદિ અનંત સંસારમાં સ્વર્ગ કે નરકનો ભવ થાય તેવા પરિણામ જ ન આવ્યા! એક જીવ તો તીર્થંકર થઈને મોક્ષ પામે છે ને બીજો જીવ સાધારણ રાજા પણ થતો નથી. સાધારણ મનુષ્ય થઈને મોક્ષ પામે છે. જીવોના તે તે જાતના વિકલ્પોની વિચિત્રતા છે. ધર્મીને તે વિચિત્રતા દેખીને આશ્ચર્ય થતું નથી, કેમ કે તે એકલી વિચિત્રતાને જ નથી દેખતો, પણ એકરૂપ સ્વભાવની દૃષ્ટિને મુખ્ય રાખીને પર્યાયની વિચિત્રતાનું જ્ઞાન કરે છે; આવા સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને જ સંસારના બધા પડખાંઓનું ભાન હોય છે, ને તેને જ "લોકભાવના" હોય છે. એકલી પર્યાયબુદ્ધિવાળા અજ્ઞાની જીવો તો પર્યાયની વિચિત્રતાને દેખીને વિસ્મયતામાં અટકી જાય છે, ને જ્ઞાનીને સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી પર્યાયની વિચિત્રતામાં વિસ્મયતા થતી નથી, પણ ક્ષણે ક્ષણે વીતરાગતા વધે છે.

અજ્ઞાનીને તો બાર ભાવના યથાર્થ હોતી નથી. વિચિત્રતાના પરિણામ ઉપર જ જેની રુચિ છે, ને દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી, તેને વિચિત્રતામાં રાગ-દ્વેષ થયા વિના રહેતા નથી. સંસાર ભાવનાવાળાને પર્યાયબુદ્ધિ હોતી નથી પણ ચિદાનંદ સ્વભાવ ઉપરની દૃષ્ટિપૂર્વક આ પ્રકારના વિચારની શ્રેણી ચાલે છે, તેને પર્યાયની વિચિત્રતાનું વિસ્મય નથી.

સંસારમાં અનાદિ કાળથી કોઈ જીવ તો તિર્યંચ પંચેન્દ્રિયપણું પામ્યો જ ન હોય, તેવા ભાવ જ તેને ન આવ્યા હોય, ને નિગોદમાંથી નીકળી મનુષ્ય થઈ મોક્ષ પામી જાય, તથા કોઈ જીવને એકેન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચ સુધીના અનંત ભવો થઈ ગયા હોય, નવમી ગ્રૈવેયકના તથા સાતમી નરકના અનંત ભવ થઈ ગયા હોય.

જુઓ! આ સંસારની વિચિત્રતા! ધર્મી જીવને સ્વ-પરની પર્યાયની અનેક પ્રકારની વિચિત્રતા ખ્યાલમાં આવતા તેમાં વિસ્મયતા લાગતી નથી,—'આમ કેમ?' એવો પ્રશ્ન તેને રહેતો નથી. સંસારમાં એવી જ વિચિત્રતા હોય. ધર્મીને પર્યાયબુદ્ધિ નથી. "જે પર્યાય થવાની હોય તે ફેરવી શકાતી નથી."—એમ જે જાણે તેને દ્રવ્યબુદ્ધિ થયા વિના રહે નહિ. પર્યાય સ્વતંત્ર છે—એમ માને તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવી જોઈએ, ને દ્રવ્ય ઉપર દ્દષ્ટિ હોય તેને પર્યાયમાં શુદ્ધતા વધતી જાય છે.

જગતમાં અનંતા જીવો છે. તેમનાં દ્રવ્ય-ગુણ સરખા હોવા છતાં પર્યાયમાં વિચિત્રતા છે. ત્યાં પર્યાય પણ સ્વતંત્ર થાય છે, "આ કાળે આવી જ પર્યાય કરું" એમ જે માને તેને પર્યાયની સ્વતંત્રતાની પ્રતીત નથી; ને દ્રવ્ય-ગુણની પણ પ્રતીત નથી.

જુઓ, આજે સમવસરણનો દિવસ છે.

એક પણ વાત યથાર્થ કબૂલે તો અંદરમાં જ્ઞાનસ્વભાવી આત્માની પ્રતીત થયા વિના રહે નહિ. પુણ્ય, સમવસરણ, તીર્થંકર એક પણ વાતને યથાર્થ કબૂલતાં જ્ઞાનસ્વભાવની પ્રતીત થયા વિના રહે નહિ. વિચિત્રતાના કાળે વિચિત્રતા છે, દ્રવ્ય–ગુણ સરખાં હોવા છતાં પર્યાયના પ્રકારમાં ફેર કેમ?–એવો સંદેહ કે વિસ્મયતા જ્ઞાનીને નથી. પોતાના એકરૂપ સ્વભાવ ઉપર દૃષ્ટિ રાખીને ધર્મી તે વિચિત્રતાને જાણે છે.

જુઓ, જગતમાં સમવસરણ અનાદિથી છે. ભગવાન મહાવીર પરમાત્મા જ્યારે અહીં બિરાજતા હતા ત્યારે અહીં પણ સમવસરણ હતું, અને સીમંધર ભગવાન અત્યારે મહાવિદેહમાં બિરાજે છે, ત્યાં સમવસરણ છે, સંત મુનિઓનાં ટોળાં છે. ત્યાં ભગવાનની વાણીમાં એક સાથે બાર અંગનો ધોધ આવે છે, એક સમયમાં પૂર્ણતા આવે છે, ને સમજનારા પોતાની યોગ્યતા પ્રમાણે સમજે છે. અત્યારે પણ કહેનારાના અભિપ્રાયની જેટલી ગંભીરતા હોય, તે પ્રમાણે કાંઈ બધા સમજતા નથી, પણ સૌ પોતપોતાના ક્ષયોપક્ષમની યોગ્યતા પ્રમાણે સમજે છે ને!

જગતમાં જીવો છે. તેના દ્રવ્ય-ગુણ એકરૂપ છે. પર્યાયમાં વિકાર છે. તેમાં કોઈ જીવને તીર્થંકરનામકર્મ બંધાય છે ને તેના ફળમાં સમવસરણ રચાય છે;—આમ બધાની અસ્તિ કબૂલે તો સમવસરણને માની શકે.

જુઓ, કોઈ જીવ આત્માનું ભાન કરીને યથાર્થ ચારિત્ર દશા પ્રગટ કરીને મુનિ થઈ હજારો વર્ષ આત્માના જ્ઞાન-ધ્યાનમાં રહે છતાં તેને તીર્થંકર નામકર્મ ન બંધાય ને ચોથા ગુણસ્થાને કોઈ સમ્યગ્દષ્ટિ જીવને પણ તીર્થંકરનામકર્મ બંધાઈ જાય! ત્યાં મુનિને એમ શંકા નથી પડતી કે "અરે! આ અવિરતિ સમ્યગ્દષ્ટિને તીર્થંકરનામકર્મ બંધાયું ને મને ચારિત્રદશા હોવા છતાં મારે તીર્થંકર નામકર્મ ન બંધાયું? શું મારા ચારિત્રમાં કાંઈ ખામી હશે?" મુનિને તો ભાન છે કે મારા ચારિત્રનું ફળ બહારમાં ન આવે. ચારિત્રના ફળમાં તો કેવળજ્ઞાન થઈને મોક્ષદશા પ્રગટે. તીર્થંકર નામકર્મ તો રાગનું ફળ છે. આત્માના ચારિત્રના ફળમાં તો અંદરમાં શાંતિ આવે; શું ચારિત્રથી કોઈ કર્મ બંધાય? ચારિત્ર તો ધર્મ છે. તેનાથી બંધન થાય નહિ અને જે ભાવથી બંધન થાય તેને ધર્મ કહેવાય નહિ. સમ્યગ્દષ્ટિને રાગથી તીર્થંકર નામકર્મ બંધાય છે. ત્યાં તેને તેની ભાવના નથી, ને તે રાગને ધર્મ માનતા નથી. જુઓ, આ સંસાર ભાવના!

યથાર્થ તત્ત્વના ભાન વિના બાર ભાવના યથાર્થ હોય નહિ. જગતમાં અનેક જીવો છે, તે દ્રવ્યે-ગુણે સરખા હોવા છતાં કોઈ તીર્થંકર નામકર્મ બાંધે, કોઈ ન બાંધે, ક્ષાયિક સમ્યગ્દર્શન હોય છતાં કોઈને તીર્થંકર નામકર્મ ન બંધાય, ને ક્ષયોપશમવાળાને બંધાય, તેનું કારણ? તે તે પર્યાય સત્ છે, તેમાં "આમ કેમ?"—એવો પ્રશ્ન નથી. વસ્તુનું આવું સત્ સ્વરૂપ છે. દ્રવ્ય સત્, ગુણ સત્ ને પર્યાય પણ સત્—એમ સત્‌ની પ્રતીત કર તો 'આમ કેમ?'—એવો પ્રશ્ન નહિ રહે પણ જ્ઞાનસ્વભાવની પ્રતીત થઈને વીતરાગતા પ્રગટશે.

જુઓ, આજે સમવસરણનો દિવસ છે, ને સંસાર ભાવનાનું વર્ણન છે. જગતમાં વિચિત્રતા છે, જીવ દીઠ પરિણામો ભિન્ન ભિન્ન છે, ને તેના નિમિત્તે કર્મ બંધાય તે પણ ભિન્ન ભિન્ન છે, તેના ફળમાં કોઈને સમવસરણ હોય છે. આવી સંસારની વિચિત્રતા જેને બેસે, તેને પર્યાયની વિચિત્રતા દેખીને સંદેહ થતો નથી.

एवं मणुयगदीए णाणा दुक्खाइं विसहमाणो वि ।
ण वि धम्मे कुणदि मइं आरंभं णेय परिचयइ ॥५५॥

**અર્થ:**—ઉપર પ્રમાણે મનુષ્યગતિમાં નાના પ્રકારનાં દુ:ખોને સહવા છતાં પણ આ જીવ સદ્ધર્મમાં બુદ્ધિ કરતો નથી અને પાપારંભને છોડતો નથી. ૫૫.

અહીં સ્વામીકીર્તિકેયાનુપ્રેક્ષાની ૫૫ મી ગાથા ચાલે છે તેમાં કહે છે કે જગતમાં અનેક પ્રકારનાં વિચિત્ર દુઃખો સહન કરવા છતાં જીવ સદ્ધર્મમાં શુદ્ધિ કરતો નથી. ધર્મીને તો સદ્ધર્મની બુદ્ધિ છે. તેને સંયોગ-વિયોગ દેખીને તેમાં પર્યાયબુદ્ધિ થતી નથી, આમ કેમ?—એવો પ્રશ્ન થતો નથી, કેમ કે પદાર્થ સત છે એટલે તેની પર્યાયની યોગ્યતા પ્રમાણે જ સંયોગ-વિયોગ હોય. સ્વભાવની દૃષ્ટિપૂર્વક આવી ભાવના ભાવવાથી ધર્મીને એકાગ્રતા વધતી જાય છે ને સહજ આનંદ વધતો જાય છે. તેથી આ ભાવના ભવ્ય જીવોને આનંદની જનની છે. આ ભાવના ભાવીને દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે જેમ છે તેમ સમજીને તેની પ્રતીત કરે છે. તેમાં તેને વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી આનંદનો અંશ પ્રગટે છે. બાર ભાવના ભાવનારની લાયકાત કેટલી હોય? કે વસ્તુસ્વરૂપનું યથાર્થ ભાન હોય. સમ્યગ્દર્શન વગર બાર ભાવના યથાર્થ હોતી નથી. જિનવચનથી વિરુદ્ધ કહેનારા કોઈ પણ દેવ-ગુરુ-શાસ્ત્રને જે માને તેને બાર ભાવના હોય નહિ.

અહો! સંસારમાં વિચિત્ર સંયોગો, વિચિત્ર પરિણામો, તેનું કારણ શું?-કે પર્યાયનો વિચિત્ર સ્વભાવ તેનું કારણ છે. હું દ્રવ્યે-ગુણે એકરૂપ છું—એવી અંતરદૃષ્ટિપૂર્વક ધર્મી જીવ પર્યાયની વિચિત્રતાને જાણે છે. ક્ષણ-ક્ષણનો રાગ અને સંયોગ સ્વતંત્ર છે, ને તે ક્ષણે ધ્રુવ સ્વભાવ પણ સ્વતંત્ર છે-એમ બધાને જાણીને ધર્મી જીવ ધ્રુવ સ્વભાવ તરફ વળે છે.

અહો! જગતમાં જીવો આ મનુષ્યભવ પામીને ક્ષણિક રાગ અને સંયોગને જ દેખે છે, પણ જેના ચારિત્રગુણની ઉલટીદશા થઈને રાગ થયો છે તે ધ્રુવ ચિદાનંદ સ્વભાવને સ્વીકારતા નથી, તેથી સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છે,—આમ સંસાર ભાવના ધર્મી જીવ ભાવે છે.

—o—

## ભેટ પુસ્તક સંબંધી

શ્રી પ્રવચન રત્નાકર ભા-૭ મો ગુજરાતી આત્મધર્મના ગ્રાહકોને ભેટ આપવામાં આવે છે. જે ગ્રાહકોએ આ ભેટ પુસ્તક મંગાવવાનું બાકી હોય તેઓએ તા. ૩૦-૬-૮૩ સુધીમાં ભેટ કુપન રજૂ કરીને સોનગઢ અથવા મુંબઈથી આ ભેટ પુસ્તક મેળવી લેવું. પોસ્ટ દ્વારા પુસ્તક મેળવવા ઇચ્છતા ગ્રાહકોએ રૂ. ૨-૫૦ ની પોસ્ટલ સ્ટેમ્પ સાથે ભેટ કુપન માત્ર મુંબઈ મંદિરના એડ્રેસ ઉપર જ મોકલવું.

—o—

# 卐 વિષાપહાર સ્તોત્ર 卐

(પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

[ પ્રવચન ચોથું ]

આ એક વિષાપહાર સ્તોત્ર નામની ભગવાનની સ્તુતિ છે. જેને ધર્મ કરવો હોય તેણે સાચો ધર્મ જેને પ્રગટ્યો છે એવા દેવને ઓળખ્યા વિના ધર્મ થઈ શકે નહિ. અરિહંત દેવ કોણ છે? તેના આત્માના દ્રવ્ય-ગુણ અને પર્યાયના લક્ષણો શું છે તે પ્રથમ જાણવું જોઈએ. જીવગત્ લક્ષણોથી અરિહંતને જે જીવ ઓળખે તે અંતરમાં પોતાના આત્માને ઓળખ્યા વિના રહે જ નહિ. જીવે અરિહંતના સ્વરૂપને વાસ્તવિકપણે અનંતકાળમાં એક સેકંડ પણ જાણ્યું નથી.

પ્રશ્ન:—ભગવાનના દર્શન હંમેશા કરે છે ને?

અજ્ઞાની ભગવાનના દર્શન કરતો નથી. પરંતુ રાગના દર્શન કરે છે. ભગવાન અરિહંત કોણ હતા અને તેમને અંતરમાં કેવી દિવ્ય શક્તિ હતી તથા તેને પ્રગટ કરીને પૂર્ણતાને કેવી રીતે પ્રાપ્ત થયા તથા તે પ્રાપ્તિ પર્યાયમાં સદાય જેમની તેમ ટકી રહે છે–એવા જીવને જે ઓળખે છે તેણે અરિહંતને ઓળખ્યા છે. તેને સમ્યક્દર્શન થયા વિના રહે નહિ.

વીતરાગના આત્માને જે ઓળખે છે તે એમ જાણે છે કે મારી પણ આવી જ જાત છે. મારો આત્મા પણ શક્તિએ અરિહંત જેવો જ છે. અશુદ્ધ સુવર્ણ પણ કાલીમા દૂર થતાં સોળવલું શુદ્ધ થઈ જાય છે. તેમ સંસારી જીવ પણ રાગ–દ્વેષ દૂર થતાં પરમાત્મા થઈ જાય છે. આમ જે જીવ અરિહંતનું સ્વરૂપ જાણીને પોતાના આત્માને પણ શક્તિએ અરિહંત સમાન ઓળખે છે તેને જ ભગવાનની સાચી ભક્તિ છે.

નવ લાખ નમસ્કાર મંત્રના જાપ કરે પણ તે રાગ છે. ધર્મ નથી. અજ્ઞાન દશામાં મુનિ થઈને અનંતવાર નવમી ગ્રૈવેયિકમાં જન્મ્યો છે. એક ભવમાં કરોડ પૂર્વનું આયુષ્ય હોય અને આઠ વરસની ઉંમરે દીક્ષા લઈને કરોડ પૂર્વ સુધી સવાર–સાંજ પ્રતિક્રમણ વખતે તેણે નમસ્કાર મંત્રના જાપ કર્યા. ત્યાં એક ભવમાં અબજો—અબજો નમસ્કાર મંત્રના જાપ કર્યા. અને એવા એવા અનંત ભવમાં અનંત અબજો નમસ્કાર મંત્રના જાપ તેણે કર્યા છે. પણ તેના ભવનો અંત ન આવ્યો. એક વાર પણ એણે સાચો નમસ્કાર મંત્ર ગણ્યો નથી. જેને નમસ્કાર કરે છે—એવા પંચ–પરમેષ્ઠીના સ્વરૂપને ઓળખ્યા વિના, પંચ-પરમેષ્ઠીને તેણે નમસ્કાર પણ સાચી રીતે કર્યા નથી. અરિહંત-પદ

કેવું છે? આત્મ-પદ કેવું છે? તેની અંતરની સંપદા કેવી છે, તેને જે જીવ ઓળખે છે તેને આત્માનું ભાન થાય છે અને તેણે જ ભગવાનને ખરેખર ઓળખ્યા છે અને તેણે જ ભગવાનને ખરેખર નમસ્કાર કર્યા છે. તેને જ ભગવાનની સાચી ભક્તિ હોય છે.

અહીં ચૌદમાં શ્લોકમાં કહ્યું કે હે નાથ! ચિંતામણિ, કલ્પવૃક્ષ, કામધેનુ, સિદ્ધરસ, પરમ ઔષધી, મહામંત્ર આદિ બધું આપ જ છે. ચિંતામણિ આદિ આપના જ પર્યાયવાચી નામો છે. નિશ્ચયથી જોઈએ તો ભગવાન ચૈતન્ય–ધાતુના એ બધા નામો છે. ધ્રુવ ચિદાનંદ–જ્ઞાન આનંદ આદિ અનંત અનંત ગુણની ખાણ છે એ જ ખરેખર ચિંતામણિ, કલ્પવૃક્ષ, કામધેનુ, કામકુંભ, સિદ્ધરસ તથા મહામંત્ર આદિ બધું છે. આ બધું ખરેખર આત્માને જ લાગુ પડે છે. આવી જેને ઓળખાણ થાય છે તેને અલ્પકાળમાં સંસારનો અભાવ થઈને મુક્તિ થાય છે.

ભગવાનની ભક્તિ કરતાં કરતાં બહારમાં સર્પનું ઝેર ઊતરી જાય છે અને અંદરમાં સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપના માહાત્મ્યથી—આત્મઅવલોકનથી સંસારરૂપી ઝેર ઊતરી જાય છે અને અલ્પકાળમાં કેવળજ્ઞાન થાય છે.

**चित्ते न किंचित्कृतवानसि त्वम्, देवः कृतश्चेतसि येन सर्वम् ।**
**हस्ते कृतं तेन जगद्विचित्रम्, सुखेन जीवत्यपि चित्तबाह्यः ॥१५॥**

હે જિનેશ! તુમ અપને મનમેં, નહીં કિસીકો લાતે હો,
પર જિસ કિસી ભાગ્યશાલી કે, મનમેં તુમ આ જાતે હો;
વહ નિજ કરમેં કર લેતા હૈ, સકલ જગતકો નિશ્ચયસે,
તવ મનસે બાહર રહકર ભી, અચરજ હૈ રહતા સુખસે. ૧૫.

હે અરિહંત પરમાત્મા! આપ પોતાના હૃદયમાં કાંઈ પણ રાખતા નથી પરંતુ જે ભક્ત પોતાના ચિત્તમાં આપને ધારણ કરે છે, જેના જ્ઞાનમાં આપ વસી ગયા છો, અરિહંત–પદ આવું છે એમ જેણે પોતાના જ્ઞાનમાં વસાવ્યું છે, તેણે ત્રણલોકને પ્રાપ્ત કરી લીધું. જે ભાગ્યવંતના જ્ઞાનમાં ત્રણકાળ ત્રણ લોકને જાણનારા અરિહંત પરમાત્મા પ્રતીતિમાં આવ્યા, તેને ત્રણ લોક હસ્તગત થઈ ગયા. જેના જ્ઞાનમાં ભગવાન બેઠા છે, જેના હૃદયમાં પરમાત્મા બિરાજે છે, તેનું જ્ઞાન હવે અલ્પજ્ઞ રહી શકે નહિ, તે જીવ પણ અલ્પ કાળમાં પરમાત્મા થઈ જશે. તથા પરમાત્માની ભક્તિના ફળમાં જે પુણ્ય બંધાય જાય છે તેના ઉદયકાળમાં ત્રણ લોકની સર્વ સંપત્તિ તેને પ્રાપ્ત થાય છે.

હે ભગવાન! અમને આશ્ચર્ય થાય છે કે આપ પોતાના હૃદયમાં કોઈ પણ વસ્તુને ધારણ કરતાં નથી છતાં જે ભવ્ય જીવ આપને પોતાના હૃદયમાં ધારણ કરે છે

તેને ત્રણ લોકની સંપત્તિ હસ્તગત થઈ જાય છે. લોકમાં તો એવું જોવામાં આવે છે કે કોઈ વ્યક્તિ પાંચ હજારના દાગીના પહેરીને ખુરશી ઉપર બેસે છે તો ખુરશીએ પણ પાંચ હજારના દાગીના ધારણ કર્યા છે અને નિર્ધન મનુષ્ય ખુરશી ઉપર બેસે તો ખુરશી પણ દાગીનાથી રહિત ગણાય છે. પરંતુ આપના વિષયમાં આશ્ચર્ય થાય છે કે આપે તો કોઈ વસ્તુને ધારણ કરી નથી છતાં આપને જે જીવ ધારણ કરે છે તેણે પ્રાપ્ત કરવા યોગ્ય બધું પ્રાપ્ત કરી લીધું.

વળી બીજી આશ્ચર્યની વાત એ છે કે આપ ચિત્તથી બાહ્ય છો. છતાં આપ અનંત જ્ઞાન-આનંદથી જીવિત છો. લોકમાં જે જીવ ચિત્ત અર્થાત્ ચેતન રહિત થઈ જાય તેને મૃતક કહેવાય છે પરંતુ આપ તો ચિત્ત અર્થાત મનથી રહિત છો, છતાં અનંત સુખથી જીવિત છો.

આપ ચિત્તથી બાહ્ય હોવાથી ચિત્ત દ્વારા આપને જાણી શકાતા નથી. પરંતુ વિકલ્પાતીત થતાં જ આપને જાણી શકાય છે. આત્મ-ભગવાન પણ ચિત્ત અર્થાત મન દ્વારા જાણવામાં આવતો નથી. પરંતુ ચિત્તનું અવલંબન પણ છોડીને વિકલ્પાતીત થતાં જ આત્મ-ભગવાન અનુભવમાં આવે છે.

જેણે એકને જાણ્યો તેણે બધું જાણી લીધું. જેણે જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણનારા ભગવાનને જાણી લીધા તેણે બધું જાણી લીધું. તેને અલ્પજ્ઞતા ટળીને કેવળજ્ઞાન થયા વિના રહે જ નહિ.

લોકો કહે છે કે ભગવાને દેખ્યું હોય તેમ થાશે, આપણે શું કરી શકીએ? ભગવાને આપણા જેટલા ભવ જોયા હશે તેટલા ભવ થશે. પણ અહીં તો કહે છે કે ભગવાન જેના જ્ઞાનમાં બેઠા તેને ભવ હોઈ શકે જ નહિ. ત્રણકાળ ત્રણલોકને જાણનારા ભગવાન જે ભક્તના જ્ઞાનમાં બેઠા તે ભક્તને ભવની ભીડ હોય નહિ. તે ભક્ત તો હોકારાર કરતો આવે છે કે મને કેવળજ્ઞાન અલ્પ કાળમાં જ થશે. ભગવાનનું અસ્તિત્વ જેણે માન્યું છે, સર્વજ્ઞની સત્તા જગતમાં છે એવી સત્તાને જેણે પોતાના જ્ઞાનમાં કબૂલી છે, તેને અલ્પકાળમાં કેવળજ્ઞાન થયે જ છૂટકો.

એકીભાવ સ્તોત્રના સબંધમાં આવે છે કે વાદિરાજ મુનિને કોઢ હતો. તેમનો એક ભક્ત હંમેશા રાજસભામાં જતો હતો. ઈર્ષાથી કોઈએ રાજા પાસે ફરીયાદ કરી કે આ શ્રાવકના ગુરુ કોઢીયા છે. આ તેમની પાસે હંમેશા જાય છે અને તે રાજમાં હંમેશા આવે છે તેથી રાજમાં બધાને ચેપ લાગે છે. રાજા શ્રાવકને પૂછે છે કે શું તમારા ગુરુ કોઢીયા છે? શ્રાવક ભક્તિવશ તે વાતની ના પાડે છે. પછી શ્રાવક ચિંતાવાન થઈને ગુરુ પાસે જઈને બધી વાત કરે છે. વાદિરાજ મુનિ શ્રાવકને કહે છે કે શાંતિ રાખજો, બધું ઠીક થઈ જશે. પછી મુનિરાજ એકીભાવ સ્તોત્રની રચના કરે

છે, ઋષભનાથ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે હે ભગવાન! જ્યારે આપ સ્વર્ગમાંથી માતાના ગર્ભમાં પધાર્યા ત્યારે ઇન્દ્રે નગરી આખી સોનાની બનાવી હતી. તો પ્રભુ! આપ મારા હૃદયમાં બિરાજો અને આ શરીર કોઢીયું મટીને સુવર્ણવર્ણ બની જાય તેમાં આશ્ચર્ય નથી.

હે પ્રભુ! અમે આપને અમારા જ્ઞાનમાં બિરાજમાન કરીએ છીએ. હવે આપ અમારા દુઃખને નહિ જોઈ શકો. હવે અમારી પર્યાયમાં સંસારરૂપી રોગ રહી શકશે નહિ, અને શરીરમાં પણ કોઈ રોગ રહી શકે નહિ. હે ભગવાન! આપને જે હૃદયમાં ધારણ કરે છે તેનો આત્મા તો ફરી જાય છે પણ શરીર પણ ફરી જાય છે. ધર્માત્માને અનંતકાળમાં ન મળ્યું હોય એવું શરીર મળે છે.

જુઓ! આ ભગવાનની ભક્તિ ચાલે છે. હે ભગવાન! આપની પાસે કંઈ નથી; છતાં આપના ભક્તને અંદરમાં શુદ્ધિની ધારા ચાલે છે તેના ફળમાં મુક્તિ મળે છે, અને બહારમાં શુભને લઈને જગતને ન હોય તેવા આશ્ચર્યકારી સંયોગો મળે છે. પુણ્ય બંધનના ફળમાં સંયોગની અનુકૂળતા મળે છે અને શુદ્ધિના ફળમાં સ્વભાવની અનુકૂળતા થાય છે.

આપને જે જીવ યથાર્થપણે હૃદયમાં ધારણ કરે છે તે જીવ આપની સમાન નિઃસ્પૃહ થઈ જાય છે. અમારે કંઈ જોઈતું નથી. જે કાંઈ જોઈએ છે તે અમારી પાસે જ છે. આમ તેની સર્વ ઇચ્છાઓ શાંત થઈ જાય છે. જેને ઘેર ભગવાન પધારે તેને શું ઇચ્છા બાકી રહે?

ભગવાનને આત્મામાં પધરાવે અને અસ્થિરતાનો રોગ રહે તેમ બને નહિ. હે ભગવાન! આજે આપને મારા ચિત્તમાં પધરાવતાં હું માનું છું કે ત્રણ લોકની સંપતિ મને મળી ગઈ છે.

त्रिकालतत्त्वं त्वमवैस्त्रिलोकीस्वामीति संख्यानियतेरमीषाम् ।
बोधाधिपत्यं प्रति नाभविष्यत् तेऽन्यऽपि चेद्व्याप्स्यदमूनपीदम् ॥१६॥

ત્રિકાલજ્ઞ ત્રિજગત કે સ્વામી, ઐસા કહને સે જિનદેવ,
જ્ઞાન ઔર સ્વામીપનકી, સીમા નિશ્ચિત હોતી સ્વયમેવ;
યદિ ઇસિ સે ભી જ્યાદા હોતી, કાલ જગતકી ગિનતી ઔર,
તો ઉસ કો ભી વ્યાપિત કરતે, યે તવ ગુણ દોનોં સિરમૌર. ૧૬.

હે પ્રભુ! આપ ત્રણકાળ તથા ત્રણ લોકને જાણો છો તેથી આપનું જ્ઞાન-સામર્થ્ય એટલું જ છે તેમ નથી. આપના જ્ઞાનમાં આવી જવાથી પદાર્થોની સીમા આવી જાય છે. પરંતુ આપના જ્ઞાનની સીમા આવી જતી નથી.

પરમાત્મ-પ્રકાશમાં દાખલો આપેલ છે કે વાંસનો મંડપ હોય તેમાં જે વેલડી હોય છે તે વાંસના મંડપનાં છેડા સુધી ઊંચે જાય છે પરંતુ વેલડીની શક્તિ તો એથી પણ આગળ જવાની છે. તેમ હે નાથ! આપે ત્રણકાળ ત્રણલોકના માંડવાને જાણી લીધા પણ તેથી આપના જ્ઞાનની સીમા આવી જતી નથી, ત્રણકાળ ત્રણલોકથી પણ બીજુ અનંતું જ્ઞેય હોય તોપણ તેને જાણવાની જ્ઞાનમાં શક્તિ છે.

આત્માના જ્ઞાન-સામ્રાજ્યની જેને મહિમા આવે છે તેને જગતના કોઈ પદાર્થની મહિમા રહેતી નથી. કેવળજ્ઞાનની એક સમયની પર્યાયની કેટલી તાકાત છે તેનો વિચાર કરતાં વિકલ્પો છૂટીને નિર્વિકલ્પતા થઈ જાય છે. વિકલ્પાતીત ચૈતન્યનો અપાર મહિમા છે. જે જ્ઞાનમાં પોતાના સામર્થ્યની પ્રતીતિ આવે છે તે જ્ઞાન અલ્પકાળમાં કેવળજ્ઞાનપણે પરિણમે છે. ભાવશ્રુતજ્ઞાન વર્તમાનમાં ભલે થોડું હોય પણ તેની પ્રતીતિમાં અનંત જ્ઞાનનું સામર્થ્ય બેસી જાય છે.

રોજ સવારના ઊઠીને ભગવાનનું સ્મરણ કરે પણ ભગવાનને યથાર્થપણે દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી પહેલાં યથાર્થ જાણ્યા હોય, ધાર્યા હોય તે જ ભગવાનનું યથાર્થપણે સ્મરણ કરી શકે છે. ભગવાનને એક વખત પણ યથાર્થપણે સંભારે છે—સ્મરણ કરે છે તેને કેવળજ્ઞાન ન થાય તેમ બને નહિ.

કેવળજ્ઞાનની પર્યાય માટે અત્યારે ઘણા ગોટા ચાલે છે. કેવળજ્ઞાન છ દ્રવ્યને જાણે પણ છદ્મસ્થ કેવળજ્ઞાનના વિષયને નક્કી ન કરી શકે. અરે ભગવાન! તું શું કહે છે? ભાવશ્રુત જ્ઞાનમાં પણ કેવળજ્ઞાન કેવડું છે તે શ્રુતજ્ઞાન નક્કી કરી શકે છે. ભલે તેની પર્યાયમાં સીમિત જ્ઞાન હોય પણ તે કેવળજ્ઞાનની યથાર્થ પ્રતીતિ કરી શકે છે. કેવળજ્ઞાને ત્રણકાળ ત્રણલોકને જાણ્યા છતાં તેનું સામર્થ્ય એથી પણ અનંતુ છે. આ વાત નક્કી કરવા જાય ત્યાં તેનું જ્ઞાન નિર્વિકલ્પ થઈ જાય છે.

પોપટને પુરી આપે અને કહે કે બોલ પોપટ રઘુરામ, ત્યાં પોપટ તો પુરીને જ રઘુરામ સમજે છે. મગફળીના દાણા આપે ત્યાં મગળીના મીઠા દાણાને જ પોપટ રઘુરામ સમજે છે. તેને રઘુરામ કોણ છે તેની ખબર નથી. તેમ આત્માની સાચી ઓળખાણ કર્યા વગર, અજ્ઞાની "નમો અરિહંતાણં" ગોખી ગોખીને મરી જાય પણ રાગ રહિત અરિહંતનું સાચું જ્ઞાન થાય જ નહિ, અને ત્યાં સુધી તેનું બધું જ્ઞાન પોપટીયું અર્થાત્ બોલવા માત્ર છે.

नाकस्य पत्युः परिकर्म रम्यं, नागम्यरूपस्य तवोपकारी ।
तस्यैव हेतुः स्वसुखस्य भानोरुद्बिभ्रतच्छत्रमिवादरेण ॥१७॥

प्रभु की सेवा करके सुरपात, बीज स्वसुख के खोता है,
हे अगम्य अज्ञेय न इस से, तुम्हें लाभ कुछ होता है;
जैसे छत्र सूर्य के सम्मुख, करनेसे दयालु जिनदेव,
करनेवाले ही को होता, सुखकर आतापहर स्वयमेव. १७.

હે પ્રભુ! ઇન્દ્ર જે આપની હંમેશા સેવા કરે છે તેથી તેની સેવાથી આપની ઉપર કોઈ પ્રકારનો ઉપકાર થતો નથી. જેમ કોઈ મનુષ્ય સૂર્યની સામે છત્ર રાખે તો તે છત્ર રાખવાથી સૂર્યની ઉપર કંઈ ઉપકાર થતો નથી. પરંતુ છત્ર રાખવાથી તે મનુષ્ય તાપથી બચી જાય છે અને છાયાનું સુખ તેને પ્રાપ્ત થાય છે. તેમ ઇન્દ્ર પ્રસંગે પ્રસંગે આપની સેવામા હાજર થાય છે, તેમાં તે આપની ઉપર કંઈ ઉપકાર કરતો નથી, પરંતુ આપની સેવા કરવાથી ઇન્દ્રને જ લાભ થાય છે. ઇન્દ્રને આપની સેવાથી શુભાસ્રવ થાય છે અને અશુભ–આસ્રવરૂપ આતાપથી તે બચી જાય છે. અને આપને પોતાના હૃદયમાં પધરાવવાથી આત્મિક સુખરૂપ શીતળતાનો લાભ થાય છે. આથી ઇન્દ્ર જે આપની સેવા કરે છે તેમાં તેનું જ હિત થઈ રહ્યું છે.

ધ્રુવ ચૈતન્ય–પરમાપરિણામિક સ્વભાવની સન્મુખ પરિણતિ ઢળતાં, આત્મામાં પરમ શાંતિનો લાભ થાય છે અને અજ્ઞાન અને કષાયજન્ય અશાંતિ ટળે છે. આમ છતાં પરમપારિણામિક ભાવ તો સદાય એકરૂપ જ રહે છે. તેમાં કંઈ હાનિ-લાભ થતો નથી.

(–ક્રમશઃ)

## શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢના વિવિધ દાન ખાતાઓ માટે દાતાઓ તરફથી જાહેર કરવામાં આવેલી દાનરાશિ :—

૧૭૩૩–૦૦ શ્રી કેશવલાલ વ્રજલાલ કોઠારી, મુંબઈ
૨૫૫–૦૦ શ્રી સોમચંદ પુનમચંદ શાહ, નાયરોબી
૨૦૧–૦૦ શ્રી વિનયકાંત હીરાચંદ લાખાણી, રાજકોટ
૨૦૧–૦૦ શ્રી ગીરધરલાલ મગનલાલ દોશી, મુંબઈ
૧૦૦૧–૦૦ શ્રી રમાબેન બાબુભાઈ તથ સવિતાબેન લંડન
૧૦૦૧–૦૦ તુલારામજી સુગનચંદ જૈન ભોપાલ
૨૦૨–૦૦ અનિલકુમાર સી. પુનાતર જામનગર
૧૦૧–૦૦ શ્રી સુભાષભાઈ તલાટી મુંબઈ
૧૦૨–૦૦ સ્વ. શ્રી પ્રભાબેન ચીમનલાલ ડેલીવાળા હ. બ્ર. ઈન્દુબેન સોનગઢ
૧૦૦૦૧–૦૦ શ્રી સુરજબેન ધીરજલાલ જોબાલિયા સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી સોનગઢ ખાતે તથા અન્ય મુમુક્ષુમંડળોમાં
૧૧૧–૦૦ શ્રી શીવલાલ એન. દેસાઈ કલકત્તાવાળા તરફથી સોનગઢમાં નવો બ્લોક લેવાની ખુશાલીમાં
૭૦૨–૦૦ જ્યોતિબેન જીતેન્દ્રભાઈ (કેનેડા) તરફથી સોનગઢમાં નવો બ્લોક લેવાની ખુશાલીમાં
૨૦૨–૫૦ શ્રી હસુભાઇ ગાંધી ભાવનગર
૧૧૨–૫૦ શ્રી કુસુમબેન તથા જીબલબેન તંબોળી ભાવનગર
૨૫૧–૫૦ શ્રી વીરચંદભાઈ મોટાણી કલકત્તા



## ગુરુસાન્નિધ્ય પામેલા આત્મ-સાધકોના જીવનમાં
# 卐 નિશ્ચય-વ્યવહારનો અનિવાર્ય સુમેળ 卐

નિશ્ચયના ઉપાસક જીવની વ્યવહારશુદ્ધિ કેવી હોય તે બાબતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ એક વખત ખાસ ભારપૂર્વક સમજાવ્યું હતું કે જે જીવ નિશ્ચયની ઉપાસના કરવા કટિબદ્ધ થયો છે તેની પરિણતિમાં પહેલાં કરતાં વૈરાગ્યની ઘણી વૃદ્ધિ થતી જાય છે. તેને દોષોનો ભય હોય, અકષાય સ્વભાવને સાધવા તૈયાર થયો ત્યા તેના કષાય શાંત થવા માંડે, તેની કોઈ પ્રવૃત્તિ કે આચરણ એવા ન હોય કે રાગાદિનું પોષણ કરે, પહેલાં રાગાદિની મંદતા હતી તેને બદલે હવે રાગાદિની તીવ્રતા થાય—તો તો તે સ્વભાવને સાધવાની નજીક આવ્યો એમ કઈ રીતે કહેવાય? એકલું જ્ઞાન....જ્ઞાન... કર્યા કરે પણ જ્ઞાનની સાથે મંદતા હોવી જોઈએ ધર્માત્મા પ્રત્યે વિનય-બહુમાન-ભક્તિ-નમ્રતા-નરમાશ હોવા જોઈએ, બીજા સાધર્મીઓ પ્રત્યે અંતરમાં વાત્સલ્ય હોવું જોઈએ, વૈરાગ્ય હોવો જોઈએ, શાસ્ત્ર-અભ્યાસ વગેરેનો પ્રયત્ન હોવા જોઈએ....એમ ચારેકોરના બધાં પડખાથી પાત્રતા જોઈએ, તો જ જ્ઞાન યથાર્થ પરિણમે.

ખરેખર, સાક્ષાત્ સત્સમાગમની બલિહારી છે! સત્સંગમાં અને સંત ધર્માત્માની છત્રછાયામાં રહીને, તેમના પવિત્ર જીવનને નજર સમક્ષ ધ્યેયરૂપે રાખીને, ચારે પડખેથી સર્વ પ્રકારે ઉદ્યમ કરી કરીને પોતાની પાત્રતાને પુષ્ટ કરવી જોઈએ. આપણા મહાભાગ્ય છે કે સર્વ પડખાથી પાત્રતા કેળવીને આત્માની ઉપાસના કઈ રીતે કરવી તે સાક્ષાત્પણે હંમેશા આપણને સમજાવીને આપણા જીવનનું જેઓ ઘડતર કરી ગયા છે એવા અસીમ ઉપકારી કરુણાસાગર કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના અનંત ઉપકારને તેઓશ્રીએ બતાવેલા માર્ગે ચાલીને અતિ શીઘ્રતાથી સાર્થક કરીએ અને એ રીતે સાચા અર્થમાં ગુરુ-જન્મ-જયંતી ઉજવીયે એ જ ભાવના...

સંપાદક : નાગરદાસ બી. મોદી
પ્રત : ૩૫૦૦
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
વાર્ષિક લવાજમ રૂા. ૯—૦૦
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧—૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ
PIN : 364250